(મ

ા મુરાદ.

ભાષાંતર કરનાર

એમ. એલ. ધોળકીયા.

Thou canst not gather
What thou dost not sow
As thou dost plant the tree
So will it grow.

Manu's Code.

અમદાવાદ.
"ગુજરાત ગેઝેટ" પ્રેસમાં છાપ્યું.

કિમત આના ચાર.

જો તું અનાજની વાવણી કરીશ નહીં

તો તું કદી અનાજ વાઢીને એકઠું કરી શકીશ નહીં.

અને જેવું ઝાડ તું વાવીશ તેવુંજ ઉગશે.

मनुस्मृति.

ગ્રંથાર્પણ.

શાર્દૂલવિક્રીડિત.

આ સંસાર અસાર સાગર મહીં, સાચું સગું ના મળે,
છે તો માતજ એક તું પ્રીતિવતી, બીજા ન પીડા હરે;
લાગે પ્યાર લગાર બાળ ઊપરે, તો જગતમાં મા તને,
છે સુનો નિજ માત તાત વિણુ આ સંસાર લાગ્યો મને:
તું, મારૂં સુખ સ્નેહ સ્થાન જનની, ચાલી ગઈ સ્વર્ગમાં,
ના કીધી નીતિ યુકત સેવ તુજની છેલ્લે સુધી અર્ધમાં;
માતા તુ ઉપકાર સેવ અરપું, લે ગ્રંથ પ્રીતે ગ્રહી,
થા કલ્યાણી સુખે રહી સ્વરગમાં, ગોપાળ નામે વહી.

હું છું, તારો,
ઓશીંગણ પુત્ર.

પ્રસ્તાવના.

આપણે આપણી જીંદગીમાં જેવાં બીજ વાવીયે છીયે તેવાં ઝાડ ઉગેછે. બાવળ વાવીને આંબાનાં વૃક્ષની આશા રાખવી એ ઝાંઝવાના પાણી સમાનછે. આ અસાર સંસાર નિર્વિઘ્ને તરી પાર ઉતરવો દુર્ઘટછે. તેમાં જે લોકો સુખેથી તરી પાર નથી ઉતરતા તે લોકો નિરાશ થઇ નસીબ ઉપર હાથ મૂકેછે. પણ તેમાં નસીબ શું કરે? જો આપણે પ્રથમ વિચાર કરીને આગળ પગલું ભરીશું તો ઘણું કરીને દુઃખ ભોગવવાનો વખત આવશે નહીં. એક પ્રખ્યાત ગ્રંથકર્ત્તા કહેછે કે "પરિણામ શું આવશે તેનો વિચાર કર્યા વગર કોઈ કામ આરંભતો નહી." આ અમુલ્ય અમૃત જેવી શીખામણમાં કેટલું સત્ય સમાયલુંછે તેનો ખ્યાલ વાંચનારી આલમે કરી લેવો. જે માણસ સંસારાબ્ધિ તરવામાં ડહાપણને સુકાન તરીકે વાપરેછે અને નસીબ ઉપર આધાર રાખતો નથી તે ઘણું કરીને ફતેહમંદ ઉતર્યા વગર રહેતો નથી.

આ વાર્તાનો નાયક "મુરાદ ભાગ્યહીન" કેવળ મુર્ખાઇ અને અવિચારીપણાથી દુર્દશાયે પહોંચ્યો હતો. અને તેનો ભાઈ ભાગ્યશાળી સલાદીન ડહાપણ અને દુરંદેશીપણાથી સુખની ટોચ ઉપર પહોંચ્યો હતો. આ બંન્ને ભાઇઓએ જ્યારે દુનિયા શરૂ કરી ત્યારે તેઓ પાસે તરવાનું એકજ સાધન હતું. પણ એ સાધન મુરાદને વાપરતાં ન આવડવાથી આખરે જેવો હતો તેવોજ દુર્ભાગી રહ્યો અને સલાદીન તે સાધનનો અચ્છી રીતે ઉપયોગ કરવાથી સુખનાં શીરોબિંદુએ પહોંચ્યો.

ત્યારે ભાગ્યહીન મુરાદને બદલે અવિચારી મુરાદ અને ભાગ્યશાળી સલાદીનને બદલે દુરંદેશી સલાદીન એ નામો આપીશું તો ખોટું ગણાશે નહીં.

ભાષાંતર કરવાનો આ મારો પ્રથમ પ્રયત્ન છે. શબ્દશઃ ભાષાંતર ન કરતાં ગુજરાતી ભાષામાં ઠીક લાગે એવું ભાષાંતર કરવા યોગ્ય કાળજી વાપરી છે. છતાં બિન અનુભવ અને અલ્પ જ્ઞાનને લીધે ગુજરાતી વિદ્વાન મંડળને પસંદ નહીં આવે, તોપણ તોતડું બાળક ઉમંગથી ઘરનો દરવાજો ઠોકેછે તો તેને માનથી વધાવી લેછે તે પ્રમાણે આ નાનકડા પુસ્તકને ગ્રહણ કરવામાં આવશે તો મારો પ્રયત્ન સફળ થયો હું ગણીશ.

આ ભાષાંતર પ્રસિદ્ધિમાં આણવા માટે મને મારા મિત્રોએ ઉશ્કેર્યો

છે તેઓને મારૂં લખાણુ સ્નેહને લીધે પ્રિય લાગે એમાં નવાઈ નથી. પરંતુ મારે વાંચકવૃંદને વિજ્ઞપ્તિ કરવાની છે કે તેઓ ભાષાંતરના ગુણદોષ તરફ દુર્લક્ષ દાખવી તેમાંનો સાર ગ્રહણ કરશે.

આ ભાષાંતર છપાવવામાં મને મારા શુભેચ્છક પ્રિયમિત્ર મી૦ ચતુર્ભુજ રેવાશંકરે જે અમુલ્ય મદદ આપીછે તેનો અંતઃકરણથી આભાર માનુંછું. તથા આ ભાષાંતર તપાસવામાં મારા મિત્રરત્ન મી૦ માંજુભાઈ ભ૦ ત્રિવેદી તથા મી૦ ગુલાબશંકરે જે અથાગ શ્રમ લીધોછે તેથી તેઓનો પણુ ઓશિંગણુછું. ગ્રંથાર્પણની કવિતા મારા પ્રિય મિત્ર મી૦ દુલેરાઓ ત્રીકમદાસ વોરાયે કરીછે તેથી તેનો પણુ આ સ્થળે ઉપકાર માનવાવગર ચાલતુ નથી.

જે કોઈ આ ભાષાંતરમાં સમાયેલા ગુણદોષ મને જણાવવા કૃપા કરશે તો તે ઉપકારની સાથે જો બીજી આવૃતિ થશે તો તેમાં સુધારો કરવામાં આવશે.

મુકામ ભુજ. તા. ૯ મી આગષ્ટ. સન ૧૮૯૨.	**માણેકલાલ લ. ધોળકીઆ.**

૫૦૫૮

ભાગ્યહીન મુરાદ.

પ્રકરણ પેહેલું.

જેવી રીતે ક્લીફ હારૂન અલરસીદ પ્રાચીન કાળમાં બગદાદમાં રાત્રે વેશ બદલી નગરચર્ચા જોવા નિકળતો, તેવી રીતે મહાન સીનોર કોન-સ્ટાન્ટીનોપલની ગલીઓમાં વેશ બદલીને નગરચર્ચા જોવામાં મોજ માનતો હતો.

એક અજવાળી રાત્રે મહાન સીનોર પોતાના વડા પ્રધાનને સાથે લઇને પોતાના શેહેરમાં મુખ્ય મુખ્ય ગલીઓમાં ફરવા નિકળ્યો, પરંતુ કાંઈ ધ્યાનમાં લેવા લાયક બનાવ તેના જોવામાં કે સાંભળવામાં આવ્યો નહીં. ચાલતાં ચાલતાં જ્યારે તેઓ એક દોરડાં વણનારના ઘર સમીપ આવી લાગ્યા ત્યારે સુલતાનને અરેબીયન નાઇટ્સમાં આપેલી કોણ્યા હુસન અલહાબલ દોરડાં વણનાર અને તેના બે મિત્રો સાદ અને સાદી જેઓ મનુષ્ય કૃત્ય ઉપર નસીબની અસર છે કે નહીં તે બાબતના વિચારમાં કેટલા જુદા પડે છે તેમની વાત યાદ આવી.

"આ બાબતમાં તમારો શો વિચાર થાય છે?" મહાન સીનોરે પોતાના વઝીરને પ્રશ્ન પૂછ્યો.

"બાદશાહ સલામત," વઝીરે જવાબ આપ્યો, "મારા વિચાર પ્રમાણે આ દુનિયામાં ફતેહ મેળવવી કિંવા નિષ્ફળ થવું એ નસીબ કરતાં મનુષ્યના ડાહાપણ ઉપર વધારે આધાર રાખે છે."

"અને હું," સુલતાને કહ્યું, "એમ માનું છું કે મનુષ્યના ડાહાપણ કરતાં ભાગ્યનું ચક્ર વધારે બળવત્તર છે. આ માણસ ભાગ્યશાળી છે અને પેલો માણસ ભાગ્યહીન છે એવા શબ્દો શું તમોએ સાંભળેલા નથી? નસીબજ બળવત્તર છે એવું જો અનુભવથી સિદ્ધ ન થયું હોત તો આ મત દુનિયામાં પ્રસરાયો ન હોત."

"આપ નામદાર સામે તકરારમાં ઉતરવાનું કામ મારૂં નથી," શાણા વઝીરે ઉત્તર આપ્યો.

"તમારો વિચાર નિખાલસ અંતઃકરણથી જણાવો; મારે તમારો વિચાર અવશ્ય જાણવો જોઇયે અને તે જણાવવા હું તમોને ફરમાન કરૂં છું," સુલતાને કહ્યું.

"જેવો હુઝુરનો હુકમ," વઝીરે બે હાથ જોડી કહ્યું. "લોકો બીજા માણસોની ઉપરટપકેની હકીકત સાંભળી તે ભાગ્યશાળી છે કે ભાગ્યહીન છે તે સબંધે પોતાનો મત જણાવે છે, અને જે જે કૃત્ય તેઓના હાથથી થયાં છે તે તે કૃત્યમાં તેઓએ ડાહાપણ વાપર્યું છે કે ભૂલો કરી છે તેનો વિચાર કોઈ કરતું નથી. દાખલા તરીકે મેં એવું સાંભળ્યું છે કે આપણા નગરમાં હાલ બે માણસો વસે છે, જેઓ સારાં માઠાં ભાગ્ય વાસ્તે મશહુર છે. એક મુરાદ ભાગ્યહીન કહેવાય છે. હવે આપણે જો આ બે માણસોની તવારીખ સાંભળીએ તો આપણને માલુમ પડશે કે એક માણસ ડાહ્યો છે અને બીજો અવિચારી છે."

"આ બે માણસો ક્યાં રહે છે?" સુલતાન વચમાં બોલી ઉઠયો. "મારા સુવા જવા પેહેલાં મારે એઓના મુખથી હકીકત સાંભળવી છે."

"ભાગ્યહીન મુરાદ પડખેની શેરીમાં રહેછે," વઝીરે કહ્યું.

સુલતાને ત્યાં તુરત જવા માટે પોતાની ઇચ્છા જણાવી. તેઓ શેરીના મ્હોમાં પેઠા નહીં એટલામાં તો તેઓએ દુઃખની બુમો સાંભળી. તેઓ અવાજ તરફ ચાલતા થયા અને તેના ઘર નજીક આવી પહોંચ્યા. આ ઘરની ડેહલી ઉઘાડી હતી. તેમાં એક માણસ પોતાની પાઘડી ચીરતો હતો અને મોટેથી બરાડા પાડતો હતો. તેઓએ તેને તેના દુઃખનું કારણ પૂછ્યું. તેણે તેઓને ચીનાઈ પ્યાલાના ભાંગેલા કટકા આંગળીવતિ બતાવ્યા. આ કડકા દરવાજા પાસે ફરસબંધી ઉપર પડ્યા હતા.

ભાંગેલા કડકામાંથી એક ઉપાડીને સુલતાને કહ્યું, "આ પ્યાલું પેહેલાં ઘણું સુંદર હશે પણ ચીનાઇ વાસણ જેવી નજીવી ચીજ માટે આટલીબધી નિરાશા અને ગમગીનીમાં ગિરફતાર થવાનું શું કારણ?"

"અરે ભલા ગૃહસ્થ!" એ પ્યાલાંના ધણીએ પોતાનું રોવું બંધ કરીને

અને ઢોંગી વેપારીયોના પોષાક તરફ આશ્ચર્યની નજરથી જોઇને કહ્યું, "તમો મુસાફર હો એમ જણાય છે. નિરાશા અને દિલગીરીનાં કારણો કેટલાં છે તે તમો જાણતા નથી. તમો ભાગ્યહીન મુરાદ સાથે વાતો કરોછો તેની પણ તમોને ખબર નથી. મારા જન્મકાળથી તે આજ પર્યંત મારા ઊપર જેજે વિટંબણાઓ પડી છે તે જો તમો સાંભળો તો તમોને મારા પ્રત્યે દયાની લાગણી બતાવ્યા વગર ચાલશે નહીં અને નિરાશ થવા માટે સબળ કારણો છે એમ તમારે માન્ય કર્યા વગર ચાલશે નહીં."

સુલતાને સાંભળવા માટે પોતાની ઇચ્છા જણાવી અને દયાની લાગણી ઊશ્કેરાશે એમ માની મુરાદે પોતાનાં કર્મોની તવારીખ તેઓને કહેવા માંડી.

"ગૃહસ્થો!" તેણે કહ્યું, મારા જેવા ભાગ્યહીન પુરૂષના ઘરમાં આવી બેસવાનું કહેવાની મારી હીંમત ચાલતી નથી, પણ તમો મારી ઝુંપડીમાં રાતવાસો કરશો તો મારાં દુર્ભાગ્યની તવારીખ તમે ફુરસદે સાંભળી શકશો."

સુલતાને અને વઝીરે ત્યાં રાતવાસો કરવાની સાફ ના પાડી અને કહ્યું, "અમને આંહી રહેવામાં બીજી કશી અડચણ નથી પરંતુ અમારે અમારે ઘેર તુરત પોંહોંચવાનું છે, કારણ કે ત્યાં અમારા મિત્રો અમારી રાહ જોઈ બેઠા હશે."

તેઓએ તેના ઘરમાં અર્ધો કલાક બેસવાની પરવાનગી માગી અને પોતાની તવારીખ શરૂ કરવા માટે મુરાદને વિનવ્યો, અને કહ્યું, "તારાં દુર્ભાગ્ય યાદ લાવી દિલગીર ન થાય તો તું તારી વાત ચલાવ."

"દુઃખની વાત કરવાથી માણસનું હૃદય પીગળી જશે એવું જ્યારે જણાય ત્યારે પોતાના દુઃખની વાત ન કહે એવા કંગાલ મનુષ્યો દુનિયામાં જવલ્લેજ મળી આવશે."

એટલુંજ કહી મુરાદે વેપારીના લિબાસમાં આવેલા સુલતાન અને વઝીર જેવા બેઠા તેવીજ પોતાની વાત નીચે પ્રમાણે કહેવા માંડી.

"મારો પીતા આ શેહેરમાં વેપાર કરતો હતો. મારા જન્મ દીવસની આગલી રાત્રે તેને એવું સ્વપ્ન આવ્યું કે મારો જન્મ ખરાબ ચોઘડીયામાં થયો છે અને મારૂં માથું કુત્રાંનાં માથાં જેવું છે અને સર્પના જેવી પુંછડી

છે. મારૂં બેડોળપણું સંતાડવા માટે તેણે રેશમના કપડાંમાં તુરતજ મને વીંટાળી લીધો. આ રેશમી કપડું મહાન સીનોરની પાઘડી હતી. પોતાની પાઘડીને અડકવાથી પોતાને અપમાન થએલું માની સુલતાને હુકમ કીધો કે તેનું માથું ધડથી જુદું કરી નાંખવું. મારા પીતાનું માથું કપાતાં પેહેલાં તે જાગી ઉઠ્યો. સ્વપ્નમાં આવેલા ભયથી તેની શુધબુધ તદ્દન ઉડી ગઈ હતી. આ સ્વપ્ન ઇશ્વર તરફથી ચેતવણીરૂપ હતું એમ તેણે માન્યું, તેથી તેણે વગર વિલંબે મને પોતાની નજર આગળથી દૂર કરવાનું વ્યાજબી વિચાર્યું. કુતરાના જેવું માથું અને સર્પના જેવી પુંછડી સહિત મારો જન્મ થશે કે નહીં તે જોવાની તેણે જરા પણ રાહ જોઈ નહીં. પણ વળતે દિવસે સવારે તે અલેપો તરફ જવા માટે નિકળી પડ્યો.

"આ પ્રમાણે તે સાત વર્ષ લગી ત્યાં રહ્યો. દરમ્યાન મને કેળવણી આપવાનું કામ તદ્દન ભૂલાઈ ગયું. મારૂં નામ મુરાદ ભાગ્યહીન શા વાસ્તે પાડવામાં આવેલું છે તે વિષે એક દિવસ મેં મારી માતુશ્રીને પૂછ્યું. તેણીએ કહ્યું કે આ નામ મારા પીતાના ખરાબ સ્વપ્ન ઉપરથી પાડવામાં આવ્યું છે અને વિશેષમાં જણાવ્યું કે ભવિષ્યમાં જો હું ભાગ્યશાળી નીવડીશ તો એ નામ તદ્દન ભૂલાઈ જશે. એક બુઢ્ઢી સ્ત્રી જે મારી આયા હતી તે ત્યાં હાજર હતી; તેણીએ ગુસ્સામાં પોતાનું માથું ધુણાવ્યું અને હું સાંભળું તેવી રીતે બોલી ઉઠી, "મુરાદ ભાગ્યહીન હતો, છે અને હમેશાં રહેશે. જે લોકો ખરાબ વખતમાં જન્મેલા છે તેઓ પોતે પોતાને મદદ કરી શકતા નથી તેમ બીજો માણસ પણ તેને મદદ કરી શકે નહીં. એટલુંજ નહીં, પણ મહમદ પેગંબર પણ એવા ભાગ્યહીન પુરૂષો માટે લાઇલાજ છે. ભાગ્યહીન પુરૂષે પોતાનાં નસીબ સામે તરફડીયાં મારવાં એ મૂર્ખાઈ છે. ભાગ્ય દેવીને ચું કે ચાં કર્યા વગર તાબે થવું એજ ઉત્તમ છે.

"આ બોલવાથી મારા મન ઉપર સજ્જડ અસર ચોંટી. જો કે હું તે વખતે બાલ્યાવસ્થામાં હતો તોપણ મને પગથી માથા સુધી ઝાળ પ્રગટી, અને જેમ જેમ માઠા બનાવો બનતા ગયા તેમ તેમ મારી આયાની ભવિષ્ય વાણી ઉપર મારી આસ્થા બેસવા લાગી. હું જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે મારા પિતા પરદેશમાંથી ઘેર આવ્યા. તેના આવ્યા પછી બાર મહિને

મારા ભાઈ **સ**લાદીનનો જન્મ થયો. તેનું નામ **સ**લાદીન ભાગ્યશાળી પાડવામાં આવ્યું, કારણ કે જે દિવસે તેનો જન્મ થયો તેજ દિવસે મારા પિતાનું વેપારની કીમતી જણસોથી ભરેલું વહાણ સહીસલામત બંદરમાં નાંગર્યું. જે જે નાના નાના બનાવોથી મારો નાનો ભાઈ **સ**લાદીન નાનો હતો છતાં પ્રસિદ્ધીને પામ્યો તે સઘળા કહી બતાવી કંટાળો આપવા હું ધારતો નથી. જેમ જેમ તે મોટો થતો ગયો તેમ તેમ તે જે કામ માથે લેતો તેમાં તેને ફતેહ મળવા લાગી; અને હું જે કામ માથે લઊં તેમાં નિરાશા શિવાય મને કાંઈ મળે નહીં. જે દિવસથી પેહેલું વહાણ આવ્યું તેજ દિવસથી અમે ખાનદાનમાં ગણાવા લાગ્યા. મારા પિતાની ધારેલી આબાદ સ્થિતિ મારા ભાઈ **સ**લાદીનના સારાં ભાગ્યથી થઈ એમ સહુ માનવા લાગ્યાં.

"જ્યારે **સ**લાદીનની ઊમ્મર આશરે વીશેક વર્ષની થઈ ત્યારે મારા પિતા ઘણા માંદા પડ્યા. અને જ્યારે તેને એમ લાગ્યું કે હું હવે બચીશ નહીં ત્યારે તેણે મારા ભાઇને પોતાનાં બીછાંના પાસે બોલાવ્યો અને તેને કહ્યું, 'આપણે પછેડી પ્રમાણે સોડ ન તાણતાં ભપકાથી રહેવા લાગ્યા તેથી આપણી તમામ દોલત ખુટી ગઇ છે, આપણા કામમાં ઘણો ગુંચવાડો આવી પડયો છે, કારણ કે આપણને હમેશાં ફતેહજ મળશે એવું અનુમાન કરી આપણી શક્તિ ઉપરાંત આપણે કર્યું છે. હવે તમોને વારસામાં આપી જવા માટે કંઈ બાકી રહ્યું નથી, પણ બે મોટા ચીનાઈ પ્યાલા છે. આ પ્યાલા તેઓની સૌંદર્યતા માટે પ્રસિદ્ધ છે; પણ તે કીંમતી છે કારણ કે અપ્રસિદ્ધ અક્ષરોથી તેના ઉપર અમુક કવિતા લખી છે. તે કવિતા એ પ્યાલાઓના માલીકને જાદુની ગરજ સારે છે.'

'આ બે પ્યાલાઓ મારા પિતાએ મારા ભાઇ **સ**લાદીનને વારસામાં આપ્યા અને મને કહ્યું, 'આ પ્યાલામાંથી એક પણ તને હું આપી શકતો નથી. કારણ કે તું એવો દુર્ભાગી છે કે જો હું તને આપીશ તો તે અવસ્ય ભાંગી જશે.'

"તેના મોત પછી મારો ભાઈ **સ**લાદીન ઉદાર મનવાળો હોવાથી તેણે મને કહ્યું 'તારે આ બેમાંથી જે પ્યાલો જોઇયે તે લઇલે અને સારાં માઠાં

નસીબમાં મને જરા પણ વિશ્વાસ નથી.' એમ કહી મને દિલાસો દીધો.

"મારી દિલગીરી કમી કરવા માટે તેણે મને સમજાવ્યો તેટલા માટે મેં તેનો જો કે આભાર માન્યો તોપણ હું તેના ઉપરના મતને મળતો થયો નહીં. હું જાણતો હતો કે હું જેટલું કરીશ તેટલું ફોકટજ જશે અને આખરે હીનભાગી મુરાદજ રહીશ. પરંતુ મારા ભાઇએ અમારી નબળી સ્થિતિ થઈ ગઈ હતી છતાં પણ હિંમત છોડી નહીં. તેણે કહ્યું 'મને ખાત્રી છે કે મારૂં ભરણપોષણ કરવાનું સાધન હું શોધી કાહાડીશ' અને તેણે તે પ્રમાણે કીધું.

"અમારા ચીનાઈ પ્યાલા તપાસતાં તેમાં ચળકતો કીરમજી રંગનો ભુકો તેને મળી આવ્યો, આ ભુકામાંથી સુંદર રંગ બની શકશે એવું તેને ભાસ્યું. તેણે અજમાવી જોયું અને થોડી મુસ્કેલી સહન કર્યા બાદ તે પોતાની મુરાદમાં ફતેહ પામ્યો.

"મારા પિતાની હયાતીમાં મારી માતાને મહાન સીનોરનાં જનાનખાનાની રાણીઓને હમેશાં કાપડ આપનારા એક વેપારીએ અમુલ્ય પોશાકો આપ્યા હતા. મારા ભાઇએ આ વેપારી ઉપર થોડાક નજીવા ઉપકાર કર્યા હતા તેને મારા ભાઇયે અરજ કરતાં તેણે આ કીરમજી રંગ પસંદ કરી તેનો ઓહોળો ફેલાવો કરવા યત્ન કર્યો; બેશક તે રંગ એવો તો સુંદર હતો કે બીજા એજ જાતના રંગો સાથે સરખામણી કરતાં જમીન આસમાનનો ફરક પડી જતો હતો. સલાદીને એક દુકાન ઉઘાડી અને તેમાં કીરમજી રંગના ડબા ભરી મૂક્યા. તેની દુકાન ઘરાકોથી ઉભરાવા લાગી. તેના રંગના ઉમદાપણાંથી જેમ ઘરાકોની ઘણી ભીડ થતી તેમ તેના વિવેક અને વાત કરવાની છટાથી પણ ઘરાકો લલચાઇ તેની દુકાને જવા લાગ્યા. એથી ઉલટું મને એમ લાગવા માંડ્યું કે મારા ઉદાસ ચેહેરાને જોઈ કેટલાક લોકોને કંટાળો આવે છે; જેમ જેમ મારૂં ભાગ્ય મંદ પડતું ગયું તેમ તેમ મારાં અનુમાન ઉપર મને વધારે વિશ્વાસ બેસતો ગયો.

"એક દીવસ એવું બન્યું કે એક અમીર સ્ત્રી પોતાની બે બાંદીયો સંગાથે મારા ભાઇની દુકાને સોદો લેવા આવી. તે બહાર ગયો હતો અને દુકાનમાં માત્ર હુંજ હતો. થોડીક વાર સુધી કેટલોક સામાન તપાસી

જોયો પછી તેણીની નજર મારા પ્યાલા ઉપર પડી. તેણીને એ પ્યાલો પસંદ આવ્યો અને મને કહ્યું કે એ પ્યાલાની જે કીમત હોય તે હું આપીશ, પરંતુ મેં એ પ્યાલો આપવાની ના પાડી. કારણ કે હું એમ ધારતો હતો કે જો હું એ જાદુઈ પ્યાલાને મારાથી અળગો કરીશ તો મારા ઉપર દુઃખનું વાદળ આવી પડશે. મારા ના કહેવાથી ગુસ્સે થઈ સ્ત્રી સ્વભાવ પ્રમાણે તેણી પોતાની માગણીમાં દ્રઢ રહી. પણ તેના કાલાવાલા કે પૈસાથી પણ મેં મારો વિચાર ફેરવ્યો નહીં. મારી હઠથી તેણી બેહદ ચીડાઈ ગઈ અને દુકાન ઉપરથી નીચે ઉતરી ચાલતી થઈ.

"મારો ભાઈ આવ્યો ત્યારે મેં આ હકીકત તેને નિવેદન કરી અને ધાર્યું કે મારાં ડાહાપણ માટે એ મને શાબાસી આપશે. પણ એ ધારણા ખોટી ઠરી. તેણે તો મારા પ્યાલા ઉપર લખેલી કવિતા ઉપર ખોટો વેહેમ રાખવા માટે મને અછી રીતે ઝાટક્યો અને કહ્યું, 'જાદુઈ રક્ષણની અચોક્સ આશા માટે સમૃદ્ધિનું નાવ આગળ ચલાવવાનાં સાધનો ખોવા જેવી બીજી મૂર્ખાઈ કઈ હશે?' આ મતને હું મળતો થયો નહીં. જે શીખામણ તેણે મને આપી તે પ્રમાણે ચાલવાની મારી હિંમત નહોતી. બીજે દિવસે એજ સ્ત્રી પાછી આવી અને મારા ભાઇયે પોતાનો પ્યાલો દશ હજાર સોનાની મોહોરની કીમતે વેચી કહાડ્યો. અને આ પૈસાનો ઘણો સારો ઉપયોગ કર્યો એટલે કે તેણે નવો માલ ખરીદી કહાડ્યો. હવે મને પશ્ચાતાપ થવા લાગ્યો. પણ પાણી પીધા પછી ઘર પૂછવાથી શો ફાયદો? પણ હુંતો માનુંછું કે અમુક માણસોનું નસીબજ એવું હોય છે કે તેઓને યોગ્ય વખતે સારાં નરસાંનો વિચાર આવતો નથી. માઠાં ભાગ્યવાળાને સારી બુદ્ધિ સુઝે નહીં. જ્યારે તક હાથથી જતી રહે ત્યારે મને મારાં કૃત્યો માટે પશ્ચાતાપ થાયછે. ઘણી વાર એવું પણ બન્યું છે કે હું જરા ઢચુંપચું કરૂં એટલામાં વેળા વટાઇ જાય. ઇશ્વર જેનો નાશ કરવા ધારે છે તેની પેહેલાં તો સમજણ શક્તિ તો જતી રહેછે. મારાં કમનસીબનું આજ કારણ છે પણ આપણે આપણી વાત આગળ ચલાવીએ.

"જે સ્ત્રીએ મારા ભાઇનો પ્યાલો ખરીદ્યો તે સુલતાનની માનીતી હતી અને જનાનખાનામાં કર્તાહર્તા હતી. તેણીની માગણીનો મેં સ્વીકાર

ન કર્યો તેથી તેણી મને એટલે દરજ્જે ધિઃકારવા લાગી કે તેણીએ મારા ભાઇને કહી દીધું કે જો તારો ભાઇ (હું) દુકાને હશે તો હું આવીશ નહીં. મારો ભાઇ મને તજવા માટે નાખુશ હતો; પણ આવા ભલા ભાઇનાં નાશનું હું કારણરૂપ થઇ પડું એ મને ઠીક લાગ્યું નહીં. મારી ઇચ્છા તેને જણાવ્યા વગર અને મારૂં શું થશે તેનો ખ્યાલ કર્યા વગર મેં ઘર છોડી ચાલવા માંડયું. ભૂખ એવી કડકડીને લાગી કે ખાવા માટે શું યુક્તિ કરવી તેના વિચારો થવા લાગ્યા. ભઠીયારાની દુકાન પાસે પડેલા પથર ઉ-પર હું બેઠો અને ગરમાગરમ રોટલીની વાસ આવવાથી દુકાનમાં જવાનું મન થયું અને નમ્ર સ્વરે મેં ભીખ માંગી.

"આ ભઠીઆરાએ હું જેટલી રોટલી ખાઉં તેટલી આપવા હા પાડી તેમાં સરત એવી હતી કે મારે મારો વેશ બદલી નાંખવો અને એની સાથે રોટલીઓની ટોપલી ઉંચકી શેરીએ શેરીએ ભટકવું. આ માગણી મેં કબૂલ રાખી પરંતુ પાછળથી મને વિમાસણ કરવું પડયું. કારણ કે હું તેની દગા ભરેલી ધારણાથી અણવાકેફ હતો. કોનસટેન્ટીનોપલના રહેવાશીયો એ ભઠીયારાથી ઘણા નારાજ રહેતા હતા કેમકે તે રોટલીયો હલકી પ્રતીની વાપરતો અને તોલમાં શેરના ત્રણ પાસેરા આપતો. આવી રીતે ઘાનત-દારી ન સાચવવાથી લોકોનું ઇમાન ઉઠી જાય એ સ્વાભાવીક છે, આવી રીતે કરવાથી લોકોમાં ઘણો ખળભળાટ થઇ રહેછે અને વખતે જીંદગીનો ભોગપણ આપવો પડે છે, આ સઘળું મારા ધ્યાનમાં હતું પણ આ વખતે મને કાંઇ સુઝયું નહીં.

"મેં મારો વેષ બદલી નાંખ્યો અને રોટલીઓની ટોપલી ઉંચકી. હજુ તો પડોશની ગલીઓમાં ફરતા હતા એટલામાં લોકોની મેદની મારી આસપાસ જમાવ થઇ અને મને ઠપકા અને ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યા, લોકો મહાન સીનોરના મેહેલ સુધી મારી પાછળ ચાલ્યા આવ્યા. આ ખળભળાટ સાંભળી વઝીરે મારો શિરચ્છેદ કરવા આજ્ઞા આપી. આવા બનાવ બનવાથી ભઠીઆરાનાં માથાં ઘણીવાર ઉડી ગયાં છે.

"હું પગે પડયો અને કહ્યું કે હું ભઠીઆરો નથી, મારો ભઠીઆરા સાથે કોઇ જાતનો સંબધ નથી, મેં હલકી જાતની રોટલીયો આ શેહેરમાં

કોઇને આપી નથી તેમ વજનમાં પણ ઓછું આપ્યું નથી; મેં ખુલ્લું કહ્યું કે મેં તો માત્ર આજના દિવસ માટે આ ભઠીઆરાની સાથે વેશ બદલ્યો છે. મારાં મંદ ભાગ્યને લીધે મારે આમ કરવા ફરજ પડી છે, નહીં તો હું કોઇ દિવસ આવા કામમાં ભાગ લઊં નહીં. લોકોના ટોળાંમાંથી કેટલાક બોલી ઉઠયા કે એની મૂર્ખાઈ માટે તેનો શિરચ્છેદ કરવાની જરૂર છે; કેટલાક જેઓ માળુ હતા તેઓને શિરચ્છેદનું નામ સાંભળી ત્રાસ વછુટયો અને વઝીરના હુકમનો અમલ કરવા માટે આવતા અમલદારને નિહાળી તેઓએ મને રસ્તો કરી આપ્યો એટલે હું તો ખુદાના શુકરાના કરતો છપાંચ ગણી ગયો.

"મેં કોન્સ્ટાન્ટીનોપલ છોડી દીધું અને મારો પ્યાલો મારા ભાઇને સોંપ્યો. થોડાક માઇલ આગળ ચાલ્યો તેવામાં મને સોલજરોની ટુકડી મળી. હું પણ તેઓને જઈ મળ્યો. વાતપરથી વાત નિકળતાં તેઓએ કહ્યું, 'અમો ઈજીપ્તમાં મહાન સીનોરનું લશ્કર પડ્યું છે ત્યાં જઇયે છીયે.'

"આ વાત સાંભળી મને આનંદ થયો અને તેઓની સાથે દાખલ થયો. મેં મનમાં ધાર્યું કે જો હું લડાઇમાં મરી જઇશ તો દુઃખનો તુરત અંત આવશે. હું જે કામ માથે લઊં તેમાં ફતેહ મળતી નહીં એટલે મારૂં ચિત્ત એટલું તો ઉદાસ રહેતું હતું કે મારી જિંદગી સાચવવાનાં સાધનો મેળવવા હું બેદરકાર રહેતો. ઈજીપ્તની મુસાફરીના દરમિયાન વાહાણમાં તુતકપર બેસી હું આખો દીવસ ભુંગળી પીધા કરતો હતો. વળી મેં નક્કી કર્યું હતું કે ઇશ્વર કરેને તોફાન જાગે તો મારે ભુંગળી મોહોડાંમાંથી બાહાર કાહાડવી નહીં તેમ બચવા માટે સઢ વીગેરે ઉતારવામાં પણ ખલાસી લોકોને મદદ કરવી નહીં. નસીબ ઉપર હદપાર ઈમાન રાખવાથી મારૂં દીલ શૂન્ય બની ગયું હતું. ખરાબ વિચારો કરતાં કરતાં અમો કિનારે સહી સલામત ઉતર્યા. કોઈ નજીવાં કારણથી બીજા લોકો વાહાણમાંથી ઉતરી ગયા અને પલટણમાં પોંહોંચ્યા તોપણ હું વાહાણમાં બેઠો રહ્યો. આ કારણ આપને કહી બતાવવા દુરસ્ત ધારતો નથી. રાત્રે હું ત્યાં પોંહોંચ્યો. રાત્ર અજવાળી હોવાથી સઘળું ચોખું દેખાતું હતું. ધોળી રેતી ઉપર છેટે છેટે ખડા કરેલા તંબુઓ તથા દુર આવેલાં ખજુરીનાં ઝાડો વીગેરે જોયાં. સઘળું ઉદાસ અને સ્વસ્થ હતું, તંબુ પાસે ચરતાં ઊંટોનો અવાજ થોડો થોડો સંભળાતો હતો. હું ચાલ્યો જતો હતો તેવામાં કોઈ માણસ મને મળ્યું નહીં.

"મારી ભુંગળી બુજાઈ ગઈ હતી તેથી એક તંબુ પાસે દેવતા જોવામાં આવતાં હું ઉતાવળો ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં રેતીમાં કોઈ ચળકતી ચીજ મારા જોવામાં આવી, તે વીંટી હતી મેં તે ઉચકી લીધી અને મારી આંગળીમાં પહેરી મુકી અને આવતી કાલે કોટવાળ પાસે ચબૂત્રે રજુ કરવાનો વિચાર કર્યો કેમકે તેનો હક્કદાર માલીક ત્યાંથી મળી આવશે. કમભાગ્ય કે જે આંગળીમાં મેં વીંટી પહેરી તે આંગળી નાની હતી અને વીંટી હતી મોટી એટલે થોડુંક આગળ ચાલ્યો તેવામાં ક્યાંક નીચે સરી ગઈ. હુંતો ભુંગળી સળગાવવાની ધુનમાં આલ્યો જતો હતો એટલે વીંટીની વાત વીસરી ગયો. આંગળીમાં જોઊં તો વીંટી દીઠી નહીં એટલે નીચો વળી એક ખચ્ચર ચરતું હતું તેના ઘાસમાં શોધવા મંડી ગયો પણ એ ખચ્ચરે એવી તો જોરથી મારાં માથામાં લાત મારી કે મારી તો દાઢ નીકળી ગઈ.

"ખચ્ચર ચરતો હતો ત્યાં પડોસના તંબુમાં સુતેલાં માણસો મારી બુમોથી જાગી ઉઠ્યાં. આવી રીતે અડચણ થવાથી સિપાઇયો મારો ગુલ્ફરપાક કરવાને તૈયાર થયા. તેઓએ અનુમાન કર્યું કે હું ચોર છઊં અને વીંટી મે ચોરી લીધી હતી અને હવે ખોવાનો ઢોંગ કરૂં છઊં એમ તેઓએ ધારી મારા ઉપર મુઠી પ્રહાર ચલાવ્યો. તે લોકોએ વીંટી ખોળી કહાડી અને વળતે દીવસે સવારમાં વીંટી ચોરવાના ગુન્હા માટે મને ફટકા મારવાની શિક્ષા થઈ. જે અમલદારને મારૂં ફટકા મારવાનું કામ સોંપવામાં આવ્યું હતું તે અમલદારે ધાર્યું કે ફટકાની દેહેશતથી બીજો કેટલોક માલ કાંપમાંથી થોડુંક થયું ચોરાયો છે તેપણ આપી દેશે. આંગળીમાં મોટી વીંટી પેહેરવાથી અને ભુંગળી સળગાવવાની ઉતાવળથી આ પરીણામ સહન કરવું પડયું. આવી મુર્ખાઈ હીનભાગી મુરાદ (હું) શિવાય બીજો કોઈ કરે!

"મારા જખમ રૂઝાઈ ગયા અને ચાલવા શક્તિમાન થયો એટલે રાતા વાવટાવાળા તંબુમાં હું ગયો. ત્યાં કોઇયે એમ કહ્યું કે એ ચાહ કાફી પીવાની દુકાન છે. ખરેખર તૈયાર કાફી પીવાની દુકાનજ હતી. મેં ચાહાનો કપ મંગાવ્યો અને પીતો હતો તેવામાં મારે પડખે બીજો માણસ બેઠો હતો તેણે મને કહ્યું કે આજ ત્રણ ચાર દિવસ થયા મારી રૂપીઆ બસો અઢીસોની કીંમતની વીંટી ખોવાઈ ગઈ છે અને ગામમાં ઢંઢેરો પણ પીટા-

બ્યો છે કે જે કોઇને મારી વીંટી મળી હોય અને તે મને પાછી આપી જાય તો તેને હું પચાસ રૂપીયા ઇનામ આપીશ. દુર્ભાગ્યે મને જે વીંટી મળી હતી તે એજ હશે એમ મને વીચાર આવ્યો. હું પણ એ અજાણ્યા માણુસ સાથે વાતો કરવા લાગ્યો અને તેને કહ્યું કે એ વીંટી મને જડી હતી, પરંતુ એક માણુસે તે ખોળી કહાડી છે. આ માણુસને હું નામથી ઓળખતો નથી, પરંતુ જો તેને દેખું તો ઓળખી શકું; તમારી ઇચ્છા હોય તો એ માણુસ તમને બતાવું. એણે મારી વાત માની અને જે માણુસે વીંટી લીધી હતી તે માણુસ બતાવ્યો. એ માણુસે એને વીંટી સોંપી દીધી. અને મારે પ્રમાણીકપણા માટે સજા ખમવી પડી તેથી મને પચાસને બદલે એકસો રૂપીયા ઇનામ મળ્યું.

"હવે આ રૂપીયા મળવાથી ભવિષ્યમાં મારૂં સારૂં થશે એવું સહુ કોઈ ધારે એમાં આશ્ચર્ય શું? પરંતુ એ ધારવું ભુલ ભરેલું હતું એમાંથી તો નવાં દુખો જન્મ પામ્યાં.

"એક રાત્રે જ્યારે અમારા તંબુમાંના સઘળા સિપાઇયો ભરઊંઘમાં પડ્યા હતા ત્યારે મારી પાસે કેટલા રૂપીઆ છે તે મેં ગણી કાહાડ્યા. બીજે દીવસે મારા સાથીઓએ શરબત પીવા માટે મને આમંત્રણ મોકલાવ્યું. હું ત્યાં ખુશીથી ગયો અને શરબત પીધું; તેમાં શું ભેળવ્યું હતું તે ઇશ્વર જાણે; પણ પીધા પછી અર્ધે કલાકે મારૂં માથું ફરવા લાગ્યું અને હમણાં હું પડી જઇશ એમ જણાયું, હું થોડીવાર એવી અવસ્થામાં પડી રહ્યો અને સપાટાબંધ નિંદ્રા આવી ગઈ. જેવો જાગ્યો અને જોયું તો અમારી કાંપથી થોડેક દુર ખજુરીના ઝાડ તળે હું પડેલો હતો.

"જ્યારે મને ભાન આવ્યું ત્યારે પ્રથમ મને મારા રૂપીયાનો વીચાર આવ્યો અને કમ્મરે જોયું તો રૂપીયાની થેલી સહીસલામત પડેલી દીઠી પણ તે થેલી ઉખેડતાં મને માલુમ પડ્યું કે તેમાં રૂપીયાને બદલે કાંકરા ભરેલા હતા. જે સિપાઇયોની સાથે મેં શરબત પીધું તેઓએજ આ દુષ્ટ કૃત્ય કર્યું એમ મારૂં અનુમાન થયું. જે રાત્રે મેં રૂપીયા ગણ્યા તે રાત્રે કોઈ પણ સિપાઈ બેશક જાગતો હોવો જોઇયે, એમ ન હોય તો મારા રૂપીયા સંબંધી કોઈ જાણતું ન હોવાથી તેનું ગુમ થવું અશક્ય હતું. મારી પાસે રૂપીયા છે એમ મેં કોઇને જણાવ્યું નહોતું તેમ મારા પાસે રૂપીયા હોય

એવો તેઓને સ્વપ્ને પણ ખ્યાલ આવે નહીં. જે દિવસથી રૂપીયા ગયા તે દીવસથી જ્યાં લગી હું તેઓની સાથે રહ્યો ત્યાં લગી મેં ગરીબી સ્થિતી ગુજારી.

"મારા રૂપીયા ગુમ થયાના ખબર મેં અમારા ઉપરીને આપ્યા. તપાસ ચાલતાં કોઈ સિપાઈ કબુલ થયો નહી તેમ કંઈ પુરાવો પણ મળી શક્યો નહીં. ફરીયાદ કરવાથી કંઈ વળ્યું નહીં, ઉલટી મારી હાંસી થઈ; ઈજીપ્તમાં આવી હીનભાગી મુરાદ એ નામ કાહાડી નાંખ્યું હતું પણ આ દુઃખ આવી પડવાથી પાછો હું એજ નામથી મને ઓળખાવવા લાગ્યો. મારૂં આ નામ અને મારો ઇતિહાસ આખી પલટણમાં પ્રસિદ્ધીને પામ્યો અને હવેથી મને એજ નામથી સહુ કોઈ બોલાવવા લાગ્યા કેટલાકો તો કાંકરા ભરી રાખનાર મુરાદ તરીકે બોલાવી મારી મજાક કરતા હતા.

"મારાં હવે પછીનાં દુઃખોની સાથે સરખામણી કરતાં આ દુખો નજીવાં છે.

"આ વખતે તુરકી લશ્કરમાં નિશાન તાકી ગોળી મારવાનો સિપાઈનો રીવાજ હતો. ઉપરી અમલદારો આ જોખમભરેલી કવાયદ ન કરવા ઘણું વારતા પણ ફોકટ. કોઈ કોઈ વખત સેનાપતિ મના કરે એટલે થોડીવાર તેઓ જંપી જાય વળી થોડીવાર રહીને પાછી એ નુકસાનકારક કવાયત શરૂ કરે. અમારાં લશ્કરમાં એટલું તો અંધારૂં ચાલતું હતું કે આવી રીતે ઉપરી અમલદારોના હુકમોનું ઉલંઘન થયા છતાં પણ તેઓને સજા થાય નહી; આ રીત ચાલુ રહેવાથી ભય દુર થયો. ગોળીના મારથી ઘણા તંબુઓ વીંધાઈ ગયા, કેટલાક ગોળી લાગવાથી રામશરણ પોંહોંચ્યા, તો પણ કોઇ કાંઈ કરી સકે નહી પણ ઉલટું એમ કહે કે દીવસ ભરાઈ આવે એટલે તે માણસ ચાલ્યું જાય. મહમદ પેગંબરનું ફરમાન થશે ત્યારે આપણે પણ આ જહાનમાંથી વિદાય થઇશું હું પણ મારા સાથીઓની માફક આસપાસના બનાવો તરફ બેદરકાર રહેવા લાગ્યો. પોતાનું કિસ્મત ફેરવવાની તાકાત કોઇમાં નથી એવો જે મારો મત હતો તેને આથી વધારે પુષ્ટી મળતી ગઈ. કદાચ કાલે મરણ પામું તો કરી કમાણી વાટ ઉઠે તેના કરતાં જે કંઈ મળે તે ખાઈ પી લઉં તો ઠીક એમ વિચાર થયો. હવે તો જેમ બને તેમ મોજ કરવી એવો નિશ્ચય કર્યો. મારી ગરીબ સ્થિ-

તેને લીધે હું મોજમજામાં પ્રથમ તો હદબહાર ગયો નહીં, પરંતુ જેમ જેમ ટેવ પડતી ગઈ તેમ તેમ મોજ કરવાની કંઈ સીમા રહી નહી. કાંઈ વસ્તુ મારી હોય કિંવા ન હોય તેની દરકાર કર્યા વગર હું તો તેનો અચ્છી રીતે ઉપયોગ કરવા લાગ્યો. બે પૈસા ગાંઠમાં હોય ત્યાં સુધી જેમ શરીરના કોઇ ભાગમાં કાંટો લાગ્યો હોય અને ખટક્યા કરે તેમ મને કેમે જંપ વળે નહીં. જ્યારે એ પૈસા ખરચી પરવારૂં ત્યારેજ જીવને નીરાંત થાય. ઇતિફાક એવો બન્યો કે અમારી પલટણમાં કેટલાક યાહુદી લોકો સિપાઇયોની સાથે ધીરધાર કરતા હતા. આ લશ્કર કદાચ ક્યાંઈ ફતેહ મેળવશે તો પૈસાના ઢગલા થઈ પડશે એવું ધારી તેઓ સિપાઇયોને વગર આનાકાનીથી ભારે વ્યાજ લઇ પૈસા અંગઉધાર ધીરતા હતા આ લાભ લેવા તરફ મારી વૃત્તિ દોડી. એક યાહુદી જે મારા ભાઈ સલાદીનનો વર્તણુક અને સ્થિતિથી વાકેફ હતો તેના પાસે ગયો, અને કહ્યું કે, મને પાંચસો રૂપીયા ઉછીના આપ. યાહુદીએ જાણ્યું કે આ માણસનો ભાઇ પૈસાદાર છે તેથી આપણા પૈસા ખોટા થવાના નથી. એટલે તેણે મને એજ વખતે પાંચસો રૂપીયા ગણી આપ્યા. આ પૈસાનો મેં કેવી રીતે ઉપયોગ કર્યો તે સાંભળો. પૈસાનું મોહોડું જોઇ મારૂં દિલ ચળી ગયું અને રાતદીવસ કાફી અને અફીણમાં મુસગુલ રહેવા લાગ્યો, કાફી અને અફીણ ન હોય તો મને જરાએ નીરાંત વળે નહી. રફતે રફતે ટેવ વધવા માંડી, અફીણના ઘેનથી મારાં દુઃખો હું ભુલી જવા લાગ્યો અને ભવિષ્યમાં શું થશે તેનો વિચાર પણ કરતો નહીં.

“આટલુંજ અફીણ ખાવું એવો નીયમ રહ્યો નહીં, રોજરોજ ચણાભાર અફીણ વધારતો ગયો કારણ કે હમેશાં સરખું અફીણ ખાવાથી અફીણીને આનંદ આવતો નથી. એક દીવસ ઘણું અફીણ ખાઈ પલટણમાં તાનમાં આવી જઈ આંટા દેવા મંડયો, ઘડીમાં ગાઊં, ઘડીમાં નાચું, જાણે ઘેલો થઇ ગયો હોઊં નહીં? ઘડીમાં હું હવે હીનભાગી મુરાદ નથી એમ બોલી બુમો માર્યા કરૂં. આવી સ્થિતિમાં હું મસ્ત હતો તેવામાં એક ભલા સ્વભાવનો સિપાઈ મારા પાસે આવ્યો અને મારો હાથ ઝાલી હું જે જગ્યાએ હતો ત્યાંથી મને તેડી જવા તજવીજ કરવા લાગ્યો, તેણે કહ્યું કે પેલા સિપાઇયો ગોળીમાર કરે છે તે તું શું દેખતો નથી? એક સિપાઇને

જાણી જોઇ મારી પાઘડી તરફ પોતાની બંદુક તાકતો મેં દીઠો, મારા કીસ્મતે હમણાં પણ પોતાનું પાણી દેખાડયું. આ ભલા માણસનો ઉપકાર માનવાને બદલે તેની સાથે હું રકઝક કરવા મંડયો. મે કહ્યું તું મને નાદાન ધારે છે પણ હું નાદાન નથી, તેમ હું હીનભાગી મુરાદ પણ નથી.

"આ શબ્દો સાંભળીને તથા પેલો સિપાઈ બંદુક તાકે છે તે પોતાને રખેને લાગી જાય એવી ભીતિથી તેતો પોબારા ગણી ગયો અને હુંતો ત્યાંજ ઉભો રહ્યો એક ક્ષણમાં ગોળી મને ચોંટી અને હું બેભાન થઇ રેતી ઉપર પડી ગયો.

"એક અનાડી શસ્ત્રવૈદે મારા શરીરમાંથી તે ગોળી બહાર કહાડી. ગોળી કાહાડવાની જંગલી રીતથી જે પીડા થવી જોઇયે તેથી દસગણી પીડા મને થઈ, તેને ઉતાવળ હતી તેથીજ તેણે ઉતાવળથી ગોળી કહાડી હશે, કારણ કે થોડા કલાકમાં આ પલટણને કુચ કરવાની હતી એટલે આખી પલટણમાં હોહા થઈ રહી હતી. મારા જખમમાં બેહદ પીડા થવા લાગી; બધું લસ્કર રવાના થાય છે અને હું પાછળ રહી જઇશ એ દેહેશતથી મારૂં દરદ વધુ થતું ગયું. જે દુઃખો મારે પાછળથી ભોગવવાં પડ્યાં તે દુખો હું ચુપચાપ બેઠો રહ્યો હોત તો ભોગવવાં ન પડત. પણ અહસ્યો, તમોને મે પેહેલેથીજ કહ્યું છે કે મારી મુર્ખાઇને લીધે કે પછી દુર્ભાગ્યને લીધે શું કરવાથી સારૂં થશે અને શું કરવાથી બુરૂં થશે એ સમજવાની શક્તિ મારામાં ન હોતી.

"જખમની પીડાથી મને તાવ આવ્યો એક દીવસ જ્યારે તાવ સખત આવ્યો ત્યારે મારે બીછાનામાં પડી રહેવું જોઇયે તેને બદલે હું તંબુ બહાર રખડવા લાગ્યો તેનું કારણ માત્ર એટલુંજ હતું કે કેટલા તંબુઓ ઉપડી ગયા અને કેટલા સિપાઇયોએ હજુ કુચ કરી નથી તે જોવું. કુચ કરવાનો હુકમ ઘણાખરા લોકોને ગમ્યો નહીં તેથી તેઓ ઢીલ કરવા લાગ્યા. જો મેં મારા વૈદની સલાહ માની હોત તો હું પણ ઢીલાઢોળ કરી બેઠેલા આળસુ સિપાઇયોની સાથે જઇ શકત. જે ડોળીમાં માંદા માણસને બેસારી લઇ જવામાં આવે છે તે ડોળીમાં હું પણ બેસીજાત; પણ સાંઝરે જ્યારે વૈદ મારા જખમ ઉપર નવી પટી મારવા આવ્યો ત્યારે મને તેણે એવી સ્થિતિમાં દીઠો કે મને આ જગોએથી ખસેડવાનું તેણે વ્યાજબી ધાર્યું નહીં.

"જે સિપાઇયોની ટુકડી પાછળ રહી ગઈ હતી તે લોકોને સવારમાં મને સાથે બોલાવીજવાનો તેણે હુકમ કર્યો. તેઓએ હુકમનો અમલ કર્યો પરંતુ તેઓએ મને એક ખચ્ચર ઉપર બેસવા કહ્યું. આ ખચ્ચરની પીઠ ઉપર એક ધોળો દાઘ હોવાથી મને લાગ્યું કે જે ખચ્ચરે મને વીંટી ખોળતાં લાત મારી હતી તે એજ છે. આ દુર્ભાગી જનાવરપર સ્વારી કરવાની વાત મેં કબુલ કીધી નહીં. મેં તેઓને તેઓની પીઠપર મને ઉપાડી જવાને વિનવ્યા અને તે પ્રમાણે તેઓએ થોડેક સુધી ઉપાડયો. પણ મારા બોજાથી તુરત તેઓ થાકી ગયા. તેથી નજદીકમાંજ પાણીનો વેહેળો છે ત્યાંથી અમે પાણીની ગાગર ભરી આવીએ ત્યાં સુધી તું આંઈ છાંનોમાનો બેશી રહેજે, એમ કહી મને ભોંય ઉપર બેસારી ચાલતા થયા.

"મેં રાહા જોયાજ કરી, અને પાણી આવે તો મારૂં સુકાઇ ગએલું ગળું ભીનું કરૂં એવી ઇચ્છા રાખી પણ પાણી કેવું અને સિપાઇયો કેવા. રખેને હમણાંજ મરી જઇશ એવી બીકમાંને બીકમાં કલાકોના કલાક સાંજ પડી રહ્યો. એ જગ્યાએથી એક તસુ પણ દુર ખસવાનો મેં યત્ન કર્યો નહીં. કારણ કે મને તો ખાત્રી હતી કે મારો વખત હવે ભરાઈ આવ્યો છે. અને આવી કંગાલ સ્થિતિમાં, અરે એક કુતરાની માફક મરીને અને દટાવાને બદલે ગીધ પક્ષીઓનો શિકાર થવા માટે મને મરવા દેવાની મહમદ પેગંબરની ઇચ્છા છે, મારા જેવા દુર્ભાગી જીવને એવી જાતનું મરણ યોગ્ય છે.

"મારી અગમચેતી આ વખતે ખરી પડી નહીં, જ્યાં હું પડયો હતો ત્યાં ગોરી પલટન આવી પહોંચી, મારી ચીસો તેઓએ સાંભળી હતી તેથીજ તેઓના હૃદયમાં પરમેશ્વરે દયા વસાવવાથી તેઓ મારી મદદે આવ્યા હતા તેઓ મને સાથે લઈ ગયા. મારા જખમ ઉપર પટી મારી અને ભ્રાતૃભાવથી મારી સેવા કરી. જો કે તેઓ ખ્રીસ્તી હતા તોપણ મારા ભાઇ શિવાય ઇસ્લામીયો કરતાં મારે તેઓને વધારે ઇચ્છવાનું સબળ કારણ છે.

"તેઓની સારવાર તળે હું સાજો થયો. હજી તો લોહી વહેતું હતું એટલામાં પાછાં નવાં દુઃખોનો જન્મ થયો. ઋતુ ગરમ હતી અને મને ભૂખ પણ ખુબ લાગતી, હું પણ તેઓમાંની એક ટુકડી સાથે પાણીનો વેળો દેખાય એવી આશામાં ગયો. ગોરા સિપાયો તેઓમાનો એક માણસ જે

કંઇક રશાયનશાસ્ત્ર જાણુતો હતો તેના બતાવવાથી કુવો ખોદવા લાગ્યા. આવી સખ્ત મજુરી કરવા મારૂં મન આનાકાની કરવા લાગ્યું એટલે લાગ જોઇ વેળાની શોધમાં જવા એક જગ્યાએથી છપાંચ ગણીજવા વિચાર કર્યો પણ થોડેજ છેટે તળાવ જેવું દેખાયું, તે મેં મારા સાથીયોને બતાવ્યું, પેલઃ રશાયન શાસ્ત્રીયે પોતાના દુભાશીયા મારફત આવા ઠગારા દેખાવોપર ભરોસો ન રાખવા મને કહ્યું. આવા ઠગારા દેખાવો આ દેશમાં સાધારણ હોય છે જ્યારે એ જગ્યા પાસે આપણે જઈ પોહોચીએ છીએ ત્યારે ત્યાં પાણીનો પતો હોતો નથી. વળી મને કહ્યું કે એ જગ્યા તું ધારેછે તેના કરતાં વધારે દુર છે, અને જો તું એ ભણકારાની પુંઠે ધાવા યત્નવાન થઇશ તો સંભવીત રીતે જંગલમાં ભૂલો પડી જઇશ.

"હું એવો દુર્ભાગી કે તેની સલાહ પ્રમાણે ચાલવાના મેં અખાડા કર્યા. હું એ શ્રાપીત મૃગ જાંજવાની પુંઠે ધાયો. એ મૃગ ઝાંઝવા જીનોનું કૃત્ય હતું તેથી હું વિભ્રમ થઈ ગયો અને ફસાઈ ગયો. હમણાં પાણી આવશે હમણાં પાણી આવશે, એવી રીતે જીવને દિલાસો દેતો દેતો કલાકોના કલાકો સુધી ચાલ્યોજ ગયો; પણ નસીબ બે ડગલા આગળનું આગળ, એ કહેવત પ્રેમાણે પાણી તો દૂર ભાગતું ગયું. હવે મને લાગ્યું કે પેલા અંગ્રેજ ગ્રહસ્થે આ દેશના વતની પાસેથી જે સુચના મેળવી હતી તે નિસંશય ખરી હતી, કારણ કે જે ચળકતા દેખાવને મેં પાણી માન્યું હતું તે માત્ર મૃગ ઝાઝવું હતું.

"થાકથી હું તો પૂરો થઇ રહ્યો. જે સાથીયોને હું પાછળ મુકી આવ્યો હતો તેઓ છે કે ગયા તે જોવા માટે મેં પાછું જોયું; પણ ફોકટ. આ રેતીના મેદાનમાં દાનમાંથી કોઈ મનુષ્યજાત પ્રાણી કે ભાજીપાલાનું એક નજીવું નિશાન પણ દીઠું નહીં. થાકી ગયો હતો તોપણ પાછા વળવા શિવાય છુટકો નથી એમ માની પાછો વળ્યો. રેતીમાં મારાં પગલાં ઉઠી રહ્યાં હતાં એ પગલાંઓને આ પરદેશી ભુમીમાં મારા ભોમીયા તરીકે ગણી તે ઉપરથી હું ધીમે ધીમે અને ચિંતામાં ચાલવા મંડ્યો.

"મારી બેફિકરી વર્તણુકને વળગી રહીને હું તો હળવે હળવે ચાલતો હતો. આશરે ત્રણ ચાર વાગે પવન જોરથી ફુંકાવા લાગ્યો પવનથી હું રાજી થયો. પણ મારાં પગલાંઓનાં નિશાન સઘળાં ધુળ ઊડવાથી દટાઈ ગયાંછે.

એવું જ્યારે જાણવામાં આવ્યું ત્યારે મારા દુઃખનો પાર રહ્યો નહીં. કયે રસ્તે જવું તેની સુજ પડે નહીં, નિરાશ થઈ ગયો. લુગડાં ફાડવા મંડયો, પાઘડી દુર ફેંકી દીધી, અને મોટેથી પોક મુકવા લાગ્યો પણ કોઈ માણુસ જાતનો અવાજ કે પડઘો સંભળાયો નહીં, ચારેકોર સુનકાર પડયું હતું, કલાકોના કલાકો થયા રોટલીનો ટુકડો ખાવા મળ્યો નહોતો તેથી મારૂં શરીર બગડી ગયુ અને તમર આવવા લાગી. મને યાદ આવ્યું કે મારી પાઘડીના આંટામાં થોડુંક અફીણ મેં રાખ્યું છે. પાઘડી તપાસી તો તેમાંથી અફીણ પડી ગયું હતું. જ્યાં મેં પાઘડી ફેંકી હતી ત્યાં રેતીમાં ખુબ ખોળ કરી પણ કંઈ વળ્યું નહીં.

"હું તો જમીન ઉપર ચતાપાટ પડી ગયો અને મારાં માઠાં ભાગ્યને તાબે થયો. ભુખ તરસ અને ગરમીથી મને કેટલું દુઃખ પડયું હશે તે અવર્ણનીય છે છેલ્લે તો જાણે હું સમાધિષ્ટ હોઊં એવી રીતે મારી આંખોને સામે ભાત ભાતના ચિતારો તરવા લાગ્યા. આવી સ્થિતિમાં કેટલું રહ્યો તે હું કહીશ શકતો નથી. પરંતુ મને યાદ છે કે મક્કા તરફથી આવત વણઝારાની પોઠનાં માણસોની મોટી બૂમો સાંભળી મને ભાન આવ્યું હતું.

"આ મેદાનમાં થોડે દુર દેખાતા પાણીના ઝરાની પાસે તેઓ સહીસલામત આવી પહોંચ્યા. તેટલા માટે ખુશીના પોકારો કરતા હતા.

"જે જગ્યાએ હું પડયો હતો તે જગ્યાએથી એ ઝરો સો કદમ દુર નહોતો પણ દુર્ભાગી મુરાદનું નસીબજ ઊંધુ એટલે સાચાં પાણીને ભણકારા માન્યા. નબળો અને દમ વગરનો થઈ ગયો હતો તોપણ તેઓની બુમો સાંભળી. તેઓ મને મદદ કરશે એવી આશામાં મેં પણ મોટેથી બુમ મારી જે જગ્યાએથી અવાજ આવતો હતો તે જગ્યા તરફ મેં ઘસડાઇને જવા યત્ન કર્યો, કાફલો તો ત્યાં જ્યાં સુધી તેઓના ગુલામોએ પાણીની છાગલો ભરી લીધી અને ઊંટોએ ચારો ખાઈ લીધો તેટલો વખત ત્યાં થોભ્યા. હું તો ઘસડાઇને ચાલ્યોજ જતો હતો. એમ છતાં મને મનમાં એમજ વિચાર આવ્યો કે છઊં તો કમબખ્ત એટલે મારો અવાજ સંભળાશે નહીં એટલે જવું વૃથા છે. મેં તેઓને ઊંટોપર ચડતા જોયા; મેં મારી પાઘડી ઉએડી નાંખી અને હવામાં ફડફડાવવા લાગ્યો મારૂં નિશાન તેઓએ દીઠું કાફલો મારા તરફ આવ્યો મારામાં તો બોલવાનો પણ દમ નહોતો. એક

ગુલામે મને થોડુંક પાણી પાયું અને પાણી પીધા પછી હું કોણ છઉં અને આવી દશા કેમ થઈ તેથી તેઓને મેં માહેર કર્યા.

" હું વાત કરતો હતો એટલામાં એ કાફલામાંના એક માણસે મારી કમરમાં ટાંગેલી પૈસાની કોથળી જોઇ લીધી હતી. તે કોથળી જે પેલા વેપારીએ મને વીંટીના બદલામાં ઇનામ તરીકે આપી હતી તે મેં તેને જીવની પેઠે સાચવી હતી કારણ કે તે ઉપર મારા શુભેચ્છકનું નામ અને કુરાનમાંનો એક ફકરો લખેલ હતો. જ્યારે એ કોથળી તેણે મને આપી ત્યારે તેણે કહ્યું હતુ કે કદાચ આપણે દુનિયાંના કોઇપણ ભાગમાં મળી જઇએ તો આ નિશાની પરસ્પરની ઓળખાણ માટે જરૂરની થાય. જે માણસ આ કોથળી દેખી ગયો હતો તે એ વેપારીનો ભાઈ થતો હતો અને જ્યારે એ કોથળી મને કેવી રીતે મળી તે મેં કહી બતાવ્યું ત્યારે મને તેણે પોતાના રક્ષણ તળે લીધો. તે વેપારી હતો અને કાફલાની સાથે મહાન કેરો તરફ જતો હતો. તેણે મને કહ્યું કે મારી સાથે ચાલો તો હું ખુશીથી તેડી જઇશ. આ દરખાસ્ત મેં ખુશીથી સ્વિકારી, અને તેના ગુલામોની માફક હું પણ પ્રમાણીકપણે સેવા બજાવીશ એવું વચન આપ્યું. કાફલો ચાલ્યો અને હું પણ તેમાં સામેલ થયો.

"જે વેપારી મારો શેઠ થયો તે મારા તરફ દયાની લાગણીથી વર્તતો હતો, પરંતુ જ્યારે મારાં હીણભાગ્યની વાત સાંભળી ત્યારે મારે એની સલાહ વગર કોઇપણ કામ કરવું નહીં એવું તેણે મારા પાસેથી વચન લીધું. તેણે કહ્યું, 'મુરાદ જ્યારે તું તારૂં પોતાનું કામ કરવા ધારે ત્યારે તારાથી વધારે ડાહ્યા અને વધારે ભાગ્યશાળી મિત્રની મુનસફીપર તે કામ સોંપજે.'

"આ વેપારીની નોકરી મને માફક આવી. તે ઠંડા ખવાસનો માણસ હતો અને દોલતમંદ હોવાથી તેના આશ્રિતો તરફ હમેશાં ઉદાર થતો. મારી નોકરી તેના ઊંટોપર માલ લાદવો અને ઉતારવો, તેના માલની ગાંઠડીયો ગણવી અને તેના સાથેના વેપારીઓના માલમાં ભળી ન જાય તેની સંભાળ રાખવાની હતી. આ કામ અમે જે દિવસે એલેકઝાંડ્રીયા પોહોંચ્યા તે દીવસ સુધી સંભાળથી બજાવ્યું, પણ એક દીવસે આગલા દીવસની માફક માલની ગાંસડીઓ બરાબર છે એમ માની લઇને મેં તપાસી નહીં એવું છતાં જે વહાણ કેરો જવાનું હતુ તે વહાણમાં અમે ચડવા ગયા તે

પેહેલાં મેં જોયું તો ત્રણ ગાંસડીયો ઓછી થતી હતી.

"આ વાત મેં મારા શેઠને કહી. મારી બેફીકરાઇથી તે ઘણો ખીજવાઈ ગયો; તોપણ તેણે જરાપણ મને ઠપકો આપ્યો નહીં. હું ઠપકાને નિઃસંશય પાત્ર હતો. આખા શેહેરમાં જે કોઈ ગાંસડી લાવી આપે તેને ઇનામ આપશું એવો ઢંઢેરો પીટાવ્યો. જે વેપારીઓ અમારી સાથે મુસાફરીમાં હતા, તે વેપારીઓના ગુલામોમાંના એક ગુલામે મને એ ગાંસડીયો સોંપી દીધી. હવે વહાણ હંકારવાની તૈયારી થઈ. મારો શેઠ અને હું રૂની ગાંસડીયો સહીત મછવામાં બેઠા અને જ્યારે વહાણ ઉપર ચડ્યા. ત્યારે અમને કપ્તાને કહ્યું કે વહાણ એટલું તો ભરેલું છે કે તમારી રૂની ગાંસડીયો રાખવા માટે જગ્યા નથી. મુશ્કેલીથી તે ગાંસડીયો તુતક ઉપર પડી રહેવા દેવાની હા કહી, અને મેં મારા શેઠને રાત દિવસ તેની નજર રાખવાની કબુલાત આપી.

"પવન પૂંઠનો હોવાથી અમારૂં વહાણ સપાટાબંધ ચાલવા માંડ્યું, અને થોડા વખતમાં કિનારો દેખાયો. કપ્તાને કહ્યું કે આપણે પહો ફાટતાં સુધીમાં જઈ પહોંચશું. એ રાત્રે હું હમેશની માફક તુતક ઉપર ઉભો હતો અને પાઈપ પીને મારા મનને દિલાસો આપતો હતો. એક બેરીશની કાંમ્પમાંથી જ્યારથી મને આ ટેવ પડી, ત્યારથી તે આજપર્યંત હું અફીણ અને તમાકુ વગેરે રહી શકું નહીં. મને લાગે છે કે મારી અક્કલ એ રાત્રે કસુંબો જરા વધારે લેવાયાથી બેહેર મારી ગઈ હતી, પરંતુ મધ્યરાત્રે ભય લાગવાથી નિશો ઉતરી ગયો. તુતક ઉપર હું લાંબો સુતો હતો તે તુતક ઉપર ચોકી બેઠો થયો. મારી પાઘડી ભળભળ બળતી હતી. અને જે રૂની ગાંસડીયો ઉપર હું અઢેલી સુતો હતો તેને આગ લાગી. મેં ઘોર નિંદ્રામાં પડેલા બે ખલાસીને જગાડ્યા. આખાં વહાણમાં ભય પેશી ગયો અને ચારેકોર ગભરાટ થઈ રહ્યો. મારો સેઠ અને કપ્તાન ઘણા ચપળ હોવાથી આગ હોલાવવા મંડી ગયા, તેમાં મારો શેઠ દાઝ્યો.

"મને તો કાંઈ કરવા આપ્યું નહીં. કપ્તાને મને કુઆસ્થંભ સાથે બાંધી ફટકા મારવા હુકમ કર્યો અને જ્યારે આખરે આગ બુઝાઈ ગઈ ત્યારે સઘળા પાસેંજરોએ સાથે મસી આ સઘળા દુઃખનું કારણ હું છું એમ કહી મને બાંધી રાખવાની કપ્તાનને અરજ કરી. જે બન્યું તે બેશક

મારા હીણભાગ્યથીજ બન્યું હતું. મારી પાઇપમાંથી દેવતા ઉડ્યો અને તેથી ગાંસડીમાં આગ લાગી. આખાં વહાણમાં ગુસ્સો અને ભય એટલાં તો ફેલાયાં કે એક અઠવાડીયાં સુધી વહાણમાં બેસારી રાખવાને બદલે તેઓએ મને કોઈ ઉજડ બેટમાં ઉતારી દીધો હોત. મારો કારૂણ્યમુર્તિ શેઠ પણ મનમાં દુર્ભાગી મુરાદને ખસ્તો કરવા માટે અધીરો થઈ રહ્યો હતો.

"જ્યારે અમે કિનારે ઉતર્યા અને મને છુટો કરવામાં આવ્યો ત્યારે હું અંત:કરણથી રાજી થયો. મારા શેઠે મારા હાથમાં પચાસ રૂપીયાની કોથળી નાંખી અને મને છેલા સલામ કીધા. તેણે કહ્યું 'મુરાદ આ પઈસા તારાથી બને ત્યાં સુધી ડાહાપણથી વાપરજે કદાચ તારાં ભાગ્યનું ચક્ર ફરે.' મારૂં ભાગ્ય ફરે એવી મને આશાજ નહોતી. તોપણ જેમ બને તેમ એ પૈસો ડાહાપણથી સાચવવાનો વીચાર કીધો.

"આ પૈસાનો કેવી રીતે ખર્ચ કરૂં તો મને ફાયદો મળે તેના વિચાર કરતો કરતો કેરોના રસ્તામાં ચાલ્યો જતો હતો, તેવામાં એક માણસે મારૂં નામ લઇ પાછળથી બુમ પાડી. હું થોભ્યો, અને જ્યારે તે મારા પાસે આવી પહોંચ્યો, ત્યારે મને કહ્યું કે 'કેમ ઓળખોછો કે ભુલી ગયાછો.' હુંતો સ્તબ્ધજ થઈ ગયો. અલએરીશની કાંમ્પમાં જે પૈસા મેં રેકલ યાહુદી પાસેથી ઉછીના લીધા હતા તે માણસજ એ હતો. મારાં દુર્ભાગ્યનાં કારણ શિવાય કેરોમાં તેને આવવાનું શું કારણ હશે તે હું કહી શકતો નથી. મને કોણ છોડે? મેં ઘણાં બહાનાં કહાડ્યાં, પણ એ એક ટળી બીજો થયો નહીં. તેણે કહ્યું કે તું એક વખત તુર્કી લશ્કરમાંથી અને બીજી વખત ઇંગ્રેજી લશ્કરમાંથી નાશી આવ્યો છે. એ હું જાણું છઊં. તુંને પગાર નથી મળતો ત્યારે તારૂં કરજ તારો ભાઈ સલાદીન આપે એ વાત અસંભવિત છે.

"આ યાહુદી કુતરાના અપમાન ભરેલા શબ્દોથી હું ગુસ્સે થઈ ગયો અને કહ્યું 'કે હું કાંઈ ભીખારી નથી. હું તારૂં કરજ આપી દેવાને શક્તિ ધરાવું છઊં પણ હું ધારતો હતો કે આટલું બધું વ્યાજ તમે મારા પાસેથી લેશો નહીં. આટલું વ્યાજ તમે યાહુદી કુતરા શિવાય બીજો કોઈ લે નહીં.' તે હસ્યો અને જવાબ દીધો કે 'જો તુર્કિ માણુસ પૈસા કરતાં અફીણને વધારે ચાહતો હોય તો તેમાં મારો વાંક નથી. કારણ કે દુનિયામાં

તમને જે ચીજ વધારે પ્યારી છે, તે ચીજ મેં તમને પૂરી પાડી છે માટે તેનો બદલો તમારે વાળી આપવોજ જોઇયે. એમ હું આશા રાખું છઊં.'

"રેકલ અને મારા વચ્ચે જે દલીલો થઈ તે સઘળી કહી બતાવી, હે શ્રહસ્થો, હું તમને કંટાળો આપીશ નહીં. આખરે અમે પતવાપર આવ્યા. તે મારા પાસેથી બધા પૈસા લે પણ તેના બદલામાં તેના પાસે જુનાં કપડાંથી ભરેલી એક પેટી હતી તે સસ્તે ભાવે મને આપે અને તે-માંથી હું કમાઊં. તેણે મને કહ્યું કે 'આ વખતે કેરોમાં ગુલામ વેપારીયોને પોતાના ગુલામોને આપવા જેવાં કપડાંની અછત છે તેથી હું અહીં લઈ આવ્યો છઊં પણ મારે મારી સ્ત્રી અને કુટુંબને કોન્સ્ટાંન્ટીનોપલમાં તરત મળવું છે તેથી મે આ સટો મારા મીત્ર પાસે કર્યું હુતો રંક બની મીત્રતાની રીતી અને તેના નિઃસ્વાર્થિપણાપર વિશ્વાશ ન રાખત પણ અમને જે ખાનને ઘરે તેણે માલ રાખ્યો હતો ત્યાં તેડી ગયો. અને તેણે પેટીનાં તાળાં ઉઘાડી સઘળાં કપડાં મને બતાવ્યાં. તે કપડાં કીમતી હતાં અને તે નવાં જેવાં હતાં, મને આ સટો કરવો ઠીક લાગવાથી, સોદો મુકરર કરવામાં આવ્યો, અને યાહુદીએ પેટી હેલકરી સાથે ધર્મશાળામાં મોકલાવી દીધી.

"બીજે દીવસે હું બજારમાં ગયો અને મારા માલની ખબર પડી ત્યારે મારા પાસે રાત્રી પેહેલાં ઘરાકોની રેલ આવી મારી પેટી ખાલી થઈ ગઈ અને કોથળી ખુબ ભરાઈ. આ કપડાં વેચી મને જે નફો થયો હતો તે તરફ જોતાં મને અજાયબી થાય છે કે. રેકએ એ મને આટલું સસ્તુ કેમ આપ્યું હશે.

"મારી પેટી વેચાઇ ગયા પછી બીજે કે ત્રીજે દીવસે એક દમાસ્કસનો વેપારી જેણે મારા પાસેથી કપડાંની એક જોડી ખરીદી હતી તેણે ઉદાસ ચેહેરે મને કહ્યું કે જે મારાં કપડાં તેની બે બાંદડીઓએ પેહેર્યા તેથી તે બીમાર થઈ ગઇ છે. બીમારીનું કારણ મારાં કપડાં હશે. એમ મેં જાણ્યું નહીં. પણ એક દીવસ હું બજારમાંથી ચાલ્યો જતો હતો ત્યારે મને આશરે બારેક વેપારીયો મળ્યા. તેઓએ પણ એ જાતની ફરીયાદ કરી. આ કપડાં મારા પાસે ક્યાંથી આવ્યાં અને તેમાનું કાંઇ મેં પોતે મારા અંગ ઉપર વાપર્યું છે કે નહીં તે જાણવાની તેઓએ હઠ પકડી એ

દીવશે મેં પેહેલીજ વાર પીળી સપાટ સુંદર હોવાથી પેહેરી હતી.

"મે એજ પેટીમાંથી સપાટ પેહેરી છે છતાં મને કાંઈ નથી થયું એવું જાણીને એ વેપારીઓ થોડાક શાંત પડ્યા, પરંતુ બીજે દીવસે સવારના પહોરમાં જ્યારે એક વેપારી મારા પાસે આવ્યો અને મને કહ્યું કે જે ગુલામોને તારા પાસેથી ખરીદેલાં ચેપી કપડાં પેહેરાવવામાં આવ્યાં તે સઘળા ગુલામો મરકીથી પીડાએ છે. પેટી સંભાળથી તપાસતાં તેના ઢાંકણા ઉપર અરધો ભુંસાઈ ગએલો "**સ્મિરના**" શબ્દ અમારા જોવામાં આવ્યો હતો, **સ્મિર**નામાં થોડો વખત થયો મરકી ફેલાઈ હતી. તેથી જે લોકો એ મરકીના ભોગ થઈ પડ્યા હતા તેનાં આ કપડાં હશે એવો તેઓને વેહેમ આવ્યો પેલા યાહુદીએ આ કારણથીજ મને સસ્તેભાવે કપડાં આપ્યાં હતાં અને એજ કારણને લીધે તે આંહી કેરોમાં લાંબા વખત સુધી રહ્યો નહોતો. જો મે એજ વખતે તપાસ કર્યો હોત તો, બેશક મને આ વાતની જાણ પડવા વગર રહેત નહીં. મારા સાથે સોદો કરતી વખતે પેટી ઉઘાડવા પેહેલાં તેણે બ્રાન્ડીનો એક ગ્લાસ ચડાવી લીધો હતો અને સુરકામાં ત્રીજા વેલી વાદી પોતાના નાક પાસે ધરી રાખી હતી. આનું કારણ તેણે મને એવું જણાવ્યું હતું કે કસ્તુરીની સુગંધ મારાથી સેહેવાતી નથી તેથી મારે આ ઉપાય કામે લગાડવો પડ્યો છે.

"જ્યારે મને માલુમ પડ્યું કે મેં કેરોમાં ચેપી મરકી ફેલાવી છે અને મને પોતાને પણ એ ચેપી મરકીની અસર જણાય છે ત્યારે મને ઘણી બીક લાગી. મારી બુદ્ધિ જડ થઈ ગઈ. મારાં આખાં શરીર ઉપર પરસેવો વળી ગયો અને બેભાન થઈ પેટીનાં ઢાંકણાંપર ચતાપાટ પડી ગયો. એવું કહેવાય છે કે બ્હીવાથી ચેપી રોગ ખરેખર હુમલો કરે છે. ગમે તેમ હોય તોપણ મારા સંબંધમાં તો એમજ બન્યું સાંઝ સુધીમાં મારૂં શરીર બગડી ગયું અને સખ્ત તાવ આવ્યો. હું તો ચેતના રહીત બિછાનામાં પડ્યો હતો તેવામાં ખાંને મારૂં બિછાંનું ધર્મશાલામાંથી ઉપડાવી નાંખ્યું અને એક નાની મઢીમાં મુકી દીધું આ મઢીના એક ખુણામાં એક બુઢી સ્ત્રી બેઠી બેઠી હુકો પીતી હતી. તેણે મને કહ્યું કે આ શેહેરના કાજી પાસે વેપારીઓએ ફરીયાદ કરવાથી તમને શેહેર બહાર કાહાડી મુક્યા હતા, તમારી નાશકારક પેટીને બાળી નાંખવામાં આવેલી છે, અને ધર્મશાળામાં

તમે જે ઓરડીમાં ઉતર્યા હતા તે ઓરડી જમીન દોસ્ત કરી નાંખી છે. પણ જો હું તમારી મદદે ન આવી હોત તો તમો અત્યારે મુએલા પડ્યા હોત. પરંતુ મેં મહમદ પેગંમ્બરની કબર સામે ઉભી રહી પ્રતિજ્ઞા લીધી છે કે બને ત્યાં લગી મારે નિરાધાર લોકોને મદદ કરવી, તેથી જ્યારે તમોને કુલ આલમે તજી દીધા ત્યારે મેં તમારી સંભાળ લીધી. કાજીનાં માણસો પાસેથી તમારી પૈસાની કોથળી મેં લઇ લીધી છે તે આ રહી. જે હકીકત મેં તમોને કહી છે તે સંબંધી હું તમોને વિસ્તારથી કહી સંભળાવીશ, અને વળી આવી વિચિત્ર પ્રતિજ્ઞા કરવાનું શું કારણ છે તે પણ કહીશ.

“આ ઉદારવૃત્તિવાળી વૃદ્ધ સ્ત્રી ઘણી વાતુડી હોવાથી મેં તેણીની વાતો સાંભળવાની કબુલાત આપી. એટલે તેણીએ પોતાની તવારીખ આગળ ચલાવી. તેની તવારીખ બેશક ધ્યાન આપી સાંભળવા જેવી હતી. પણ મેં તે બરાબર સાંભળી નહીં. નવું જાણવાનો શોખ તુરકી લોકોમાં ઘણો હોય છે તે એટલે સુધી કે તેઓના મોટા મોટા હાકેમો પણ વારતા સાંભળવાના બહુજ રસીયા છે. વળી તેઓને એકાદ એવો વાર્ત્તાનો કહેનાર મળ્યો કે પછી જોઇ લ્યો તેની બરદાસ. તેને સારો ઉતારો આપે છે, સારૂં સારૂં ખાવા આપે છે અને એકંદરે વાત સાંભળી એશ મેળવવા માટે તેની ઘણી અચ્છી પરોણાગત કરે છે. પણ મારી તબીયત ઠીક નહી હોવાથી મને સાંભળવાનો કંટાળો ઉપજ્યો. મને એ બુઢ્ઢીની વાતો બરાબર યાદ નથી.

“ગરમી સખ્ત પડી હતી. કેટલાક ડાકતરોનો એવો મત પડયો કે ગરમી જો આવીને આવી ચાલુ રહી તો દરદીઓ હેરાન થઇ જશે, પણ દાકતરોની અગમચેતી કંઈ કામ આવી નહી. મરકી વધવાને બદલે ઓછી થવા લાગી. હું સાજો થયો મારી કોથળીમાંથી ઘણા પૈસા મારી મા દાઇયે લીધા તેથી ઓછા થયા. બાકીના પૈસામાંથી મેં બે ભાગ કરી નાંખ્યા. અરધો ભાગ મારી દયાળુ ડોશીને આપ્યો અને બાકીનો મેં રાખ્યો. પછી ગામમાં શું થાય છે તે જોવા માટે નીકળી.

“તે એવી ખબર લાવી કે મરકી ઘણી ખરી ઓછી થઈ ગઇ છે. પરંતુ રસ્તામાં ઘણાં શબ જતાં દેખાયાં. રસ્તામાંના તે લોકો હીનભાગી મુરાદને શ્રાપ આપતા હતા અને એવું કહેતા હતા કે આ શેહેર ઉપર

આટલી મુસીબત આણનાર એ માણુસ છે. તેઓ કહેતા હતા કે મૂરખા લોકો પણ અનુભવથી શીખે છે. જે બિછાનાં ઉપર હું સુતો હતો તે બીછાનું અને જે કપડાં મેં પેહેર્યાં હતાં તે બાળી નાંખ્યાં. મેં મારૂં ખરૂ નામ બદલાવી નાંખ્યું અને મસજીદમાં ગયો. ત્યાં નીમાજ પડીને ઇશ્વરની પ્રાર્થના કરી.

"હવે કેરોમાંથી છ પાંચ ગણી જવા ઇચ્છયું. કારણ કે જો ત્યાં વધારે રહેત તો લોકો મને મારી નાંખત. મારા મનમાં નવો તર્ક જન્મ પામ્યો. મેં જાણ્યું કે જે તલેસમાતી પ્યાલું હું મારે ઘેર મુકી આવ્યોછું તે સાથે ન રાખવાથી આટલી મુસીબતો મારે ભોગવવી પડી છે. જ્યારે હું માંદો હતો ત્યારે મને ત્રણ વખત સ્વપ્નું આવ્યું હતું. એક જીને આવી મને ઠપકો આપ્યો અને કહ્યું 'મુરાદ તને જે પ્યાલું સોંપવામાં આવ્યું છે તે કયાં ગયું?'

"આ સ્વપ્નાથી મારા મન ઉપર ભારી અસર થઈ. અમે કોન્સ્ટાન્ટીનોપલમાં આવી પહોંચ્યા કે તુરતજ હું મારા ભાઈ સલાદીનને મળવા માટે નીકળી પડયો. જે ઘરમાં તે પ્રથમ રહેતો હતો તે ઘર હમણાં ખાલી પડયુ હતુ, તેથી તે રખેને મરી ગયો હોય એવી મને બીક લાગી પણ એક હેલકરીને પુછતાં તેણે કહ્યું કે ભાગ્યશાળી સલાદીનને ન ઓળખે એવો કોન્સ્ટાન્ટીનોપલમાં કોણ વસેછે? મારા સાથે ચાલો તમોને તેનું ઘર બતાવીશ.

"જે જગ્યામાં તે મને લઈ ગયો તે એવી તો ભપકાદાર હતી કે રખેને એ માણુસ ભૂલ કરતો હેય, એમ મને લાગ્યું. મારૂં મન ઢચુંપચું થતુ હતુ એટલામાં દરવાજા ઊઘડ્યા. અને મારા ભાઈ સલાદીનનો અવાજ સંભળાયો. જેવો તેણે મને દીઠો તેવોજ તેણે મને સ્નેહથી ભેટવા છલંગ મારી. તે પ્રથમ જેવો ભલો હતો તેવો હમણાં પણ જણાયો. હું તેની આબાદી નિહાળી અંતઃકરણથી ખુશી થયો. 'ભાઈ સલાદીન,' મેં કહ્યું, 'કેટલાંક માણુસો ભાગ્યશાળી જન્મે છે અને કેટલાંક હીનભાગી જન્મે છે. તે બાબતનો હવે તમને કાંઈ શક રહેછે? તું આ વિષય ઉપર મારી સાથે કેટલી તકરાર ચલાવતો હતો!'

"જાહેર રસ્તામાં તકરાર કરવાની આવશ્યકતા નથી," તેણે હસતાં હસતાં કહ્યું, 'પણ ઘરમાં આવ અને વિશ્રાંન્તિ લે. પછી ફુરસદે આપણે એ

બાબત વિચાર કરીશું.'

'ના, મારા વ્હાલા ભાઈ,' હું પાછળ ખશીને બોલ્યો, 'તું ઘણો ભલો છે; હીનભાગી મુરાદ તારા ઘરમાં રહેશે નહીં, કારણ કે મારા રહેવાથી તારા ઉપર દુઃખનું વાદળ આવી પડે એવો મને ભય રહેછે. હું માત્ર મારૂં પ્યાલું લેવા આવ્યો છઊં.'

'તારૂં પ્યાલું સહીસલામત છે,' તેણે જવાબ દીધો, "ઘરમાં આવ, તને બતાવું, પરંતુ જ્યાં સુધી મારા ઘરમાં ન આવે ત્યાં સુધી હું તને આપીશ નહીં. હું વેહેમી નથી. આ શબ્દો બોલવા માટે મને ક્ષમા કરજે. હું વેહેમ બિલકુલ રાખતો નથી.'

"હું ઘરમાં ગયો અને ઘર જોઈને વિસ્મય પામ્યો. મારો ભાઈ સુખથી છકી ગયો નહોતો, પણ મારાં દુઃખો હું કેમ ભૂલી જાઊં તેની તજવીજ કરતો હતો. તેણે મારી તવારીખ મેહેરબાનીથી સાંભળી, અને પોતાની મને સંભળાવી. તેની તવારીખ સાંભળી મને અજાયબી લાગી નહીં. તે નજીવા કારણથી અથવા તો કહો કે ડહાપણને લીધે પૈસાદાર થયો હતો. હું તેના સાથે તકરાર કરવાને ખુશી નહોતો તેથી મેં કહ્યું કે તારો મત તને મુબારક રહો અને મારો મત મને મુબારક રહો. તું સલાદીન ભાગ્યશાળી છે અને હું મુરાદ હીનભાગી છઊં અને આપણે જેવા હમણાં છીએ તેવા મરણ લગી રહીશું.'

"આ ઘરમાં મને આવી રહે ચાર દીવસ પુરા થયા નહીં એટલામાં એક બનાવ એવો બન્યો કે જેથી હું દુર્ભાગી છું એમ જે મારૂં માનવું હતું તેને પુષ્ટી મળી. સુલતાનની માનીતી રાણી જેને મારા ભાઈએ એક ચીનાઈ પ્યાલો અગાઊ વેચાતો આપ્યો હતો તે હમણાં જો કે ખુબસુરતીમાં ઘટી ગઈ હતી તોપણ નવી ચીજોની શોખીન હતી. તેણે મારા ભાઈને કહ્યું કે મારા વાસ્તે વેનિસથી એક સુંદર આરસી મંગાવી આપ તેના જે પૈસા બેસશે તે હું આપીશ. ઘણી વાટ જોયાપછી આખરે એ આરસી મારા ભાઈના ઘરમાં આવી તેણે તે ઉખેડી અને જેવી સ્થિતિમાં આવી હતી તેવી સ્થિતિમાં રાણીને મોકલાવી દીધી. પણ સાંઝ પડી ગઈ હતી તેથી તેણે તે આરસી પાછી મોકલાવી અને કહાવ્યું કે રાતની રાત એને તમારે ત્યાંજ રહેવા દો, અને સવારે મારા મેહેલમાં લઈ આવજો. જે

ઓરડામાં હું સુતો તે ઓરડામાં એ આરસી રાખી હતી. તેની સાથે મારા ભાઈના દીવાનખાના માટે બીલોરના ઝુમરોનાં બંડલ પડ્યાં હતાં. સલાદીને આખી રાત આ કાચની ચીજોની દેખરેખ રાખવા માટે ઘરનાં માણસોને ભલામણ આપી. આ વસ્તુઓ શિવાય ઘરમાં રોકડા પૈસા ઘણા હતા. ગામમાં ચોરીઓ ઘણીજ થતી હતી તેથી મારા ભાઇયે એ ભલામણ આપી હતી. તેનું કહેવું સાંભળી મેં સાવધ રહેવા ઠરાવ કીધો. એક તકીયા ઉપર તરવાર રાખી દીધી અને મોટા દાદરા ઉપર સેહેજ ખડખડાટ થાય તો હું જાગી ઉઠું, તેટલા માટે દરવાજો ઊઘાડો રહેવા દીધો. મધ્યરાત્રે અંદરના ઓરડામાં કાંઈ અવાજ થવાથી હું ઓચીંતો ચમકી ઊઠ્યો અને ઊભો થઈ ગયો; સમશેર ખેંચી કાહાડી; જેવો હું દરવાજા પાસે ગયો એવોજ મેં દીવો બળતો હતો. તેનાં અજવાળાથી મારી સામે નાગી તરવારથી ઉભેલો એક માણસ દીઠો. હું આગળ ખસ્યો અને પુછ્યું તને શું જોઇએ છીએ. પણ કંઈ જવાબ ન મળ્યો. મારા તરફ એ તરવારથી ધસી આવેછે એવું જોઇને મે તેને તલવારનો એક જખમ કર્યો. એજ પળે કંઈ ભાંગવાનો અવાજ મારે કાને આવ્યો અને આરસીના કકડા મારા પગ પાસે આવી પડ્યા. વળી કોઈ કાળી વસ્તુ મારી પીઠ સાથે ઘસાઈ, હું તેની પુંઠે ધાયો પણ ત્યાં કાચનાં જે બીજાં બંડલો પડ્યાં હતાં તે ઉપર ઠેસ વાગવાથી પડી ગયો અને એ બંડલોથી દાદર ઉપરથી નીચે ગબડી પડ્યો.

"શું થયું! શું થયું! એમ બોલતો મારો ભાઈ પણ તપાસ કરવા એ ઓરડામાં આવ્યો અને જ્યારે તેણે આરસી ભાંગેલી જોઈ અને મને દાદર નીચે કાચના ઝુમરમાં દટાએલો જોયો ત્યારે "વારૂ ભાઈ, તુંતો હીનભાગી મુરાદ ખરેખરો", એમ બોલ્યા વગર રહ્યો નહીં.

"જ્યારે તેનો ગુસ્સો શમી ગયો ત્યારે તે મારી સ્થિતિ ઉપર હસવા મંડ્યો. ભલમનસાઇથી દાદર ઉપર આવ્યો અને મારો હાથ ઝાલી ઉભો કીધો અને કહયું કે હું પહેલો તારાઉપર ગુસ્સે થયો તે માટે માફ કરજે. મને ખાત્રી છે કે તેં ચાહીને મારૂં નુકશાન કર્યું નથી. પણ આ બધું કેમ બન્યું તે મને કહે. ભલાઇના આવા શબ્દો સાંભળી મને હજારગણી દિલગીરી થઈ. સલાદીન બોલતો હતો એટલામાંજ જે અવાજથી હું બીધો હતો અને જેથી આટલું બધું નુકશાન થયું તેજ અવાજ મેં સાંભ-

ગ્યો. પણ પાછું વળીને જોયું તો એક કાળું કબુતર મારી પાસેથી ઝડપથી ઉડતું હતું. તેના ઉડવાથી કેટલું બધું નુકશાન થયું છે તેનું ભાન તે બિચારાં પક્ષીને કયાંથી હોય. આ પક્ષીને મારાં કમભાગ્યને લીધે હું આગલે દીવસે ઘેર લાવ્યો હતો અને મારાં નાંના ભત્રીજાઓને માટે તેને પાળવાનો હતો. આ પક્ષી લઈ આવવાથી આટલું બધું નુકશાન થશે એવું મેં ધાર્યું નહોતું. મારો ભાઈ રાણીના ખફા થવાના ભયથી દિલગીર થયો પણ એ દિલગીરી તેણે મારાથી છુપાવી. આ સ્ત્રી તો સુંદર આરસી ભાગી જવાથી ખરેખર અંતઃકરણથી કચવાઈ. મને લાગ્યું કે જો હું આ ઘરમાં વધારે રહીશ તો મારા ભાઇનો નાશ થઈ જશે, મને ન જવા માટે ઘણો સમજાવ્યો પણ હું એક ટળી બીજો થયો નહીં. આવો દ્રઢ ઠરાવ જોઇને મારા સખી ભાઇયે મને કહ્યું કે મારી દુકાને માલવેચવા માટે મેં કેટલાંક વર્ષ થયાં ગુમાસ્તો રાખ્યો હતો તે થોડા દીવસ થયા મરી ગયો છે, તું તેની જગાએ રહીશ? તને કામનો અનુભવ ન હોવાથી તારી ભુલો થશે તો હું પૈસાદાર હોવાથી સહન કરીશ. વળી તને એક મદદગાર રાખી આપીશ જે તને મદદ કરવાને ખુશી છે.

"આવે બારીક ટાંકણે આવી ભલાઈ જોઇને મને ઘણું લાગી આવ્યું. જે દુકાનમાં તમે હમણાં મને જુઓછો તે દુકાનમાં મને એક બાંદડી સાથે મોકલાવ્યો. તે બાંદડીએ મારા ભાઈના હુકમથી મને મારૂં ચીનાઈ પ્યાલું સોંપી દીધું અને કહ્યું કે જે કિરમજી રંગ આ પ્યાલામાં હતો તેજ રંગાન પ્રતાપથી સલાદીન પઇસાદાર થયોછે અને પોતાની દોલતમાંથી તેના ભાઈ મુરાદને ભાગ આપેછે.

"મારી સ્થિતિ સારી થઈ પણ એ ભાંગેલી આરસીથી મારા ભાઇનો વિનાશ થશે એવો વિચાર આવતાં મારૂં મન દગ્ધ થતું હતું. રાણીનો સ્વભાવ ઘણો ગરમ હતો અને આવાં નુકસાનનો બદલો તે આપ્યા વગર રહે તેવી નહોતી. તેવું છતાં એક સવારે મારા ભાઇએ કહાવી મોકલ્યું કે રાણી ઘણી ગુસ્સે થઈ છે તોપણ તું ફિકર કરજે માં, અને કદાચ ખરાબ પરિણામ આવશે તોપણ તેનો અટકાવ કરવા હું શક્તિમાન છું. હું બોલી ઊઠયો, 'શક્તિવાન છું! ત્યારે ખરેખર હું સુખી થયો. મારા ભાઇને કહેજે કે તારા ઉપકારોનો બદલો વાળવા હું સમર્થ નથી.'

"જે બાંદડીને મારા ભાઇએ મોકલી હતી. તેણે મને કહ્યું કે તમારો ભાઈ પેલું ચીનાઈ પ્યાલું માગેછે. હવે આનાકાની કેમ થાય? મારા ઊદાર દયાળુ ભાઇએ કરેલા ઊપકારોનો બદલો હું બીજી કઈ રીતે વાળી શકું? મેં મારી વેહેમી હઠ છોડી દીધી અને તેને કહાવ્યું કે હું પોતેજ એ પ્યાલું લઈ આવુંછું.

"મે આજ સાંજરે છાજલી ઉપરથી એ પ્યાલું ઊતાર્યું તો તે ધુળવાળું હતું તેથી મેં સાફ કરવા માંડ્યું પણ દુર્ભાગ્યે કિરમજી રંગના પ્યાલામાં દાઘ જોઇને તે દાઘ કહાડી નાંખવા તેમાં ઊનું પાણી રેડ્યું. તુરતજ કડાકો થયો અને પ્યાલાંના કટકા થઇ ગયા. શખ્સો, હવે મારૂં જે કંઇ હોય તે એ પ્યાલાંના કડકા છે. મારાં દુખની સીમા આવી. સારે ગ્રહસ્થો, મારાં દુર્ભાગ્ય ઉપર હું રડું તેમાં કાંઇ નવાઈ છે? શું હું ખરેખર હીનભાગી મુરાદ નથી? આ દુનીયામાં મારી સઘળી આશાઓ ધૂળધાણી થઈ ગઈ. હવે તો ઇશ્વર મરણ આપે તો સારૂં. હીનભાગી મુરાદ મારૂં નામ છે કારણ કે દુર્ભાગે મને પોતાનો કરી રાખ્યો છે."

પ્રકરણ ત્રીજું.

સલાદીનના આવવાથી મુરાદ રડતો બંધ થઈ ગયો. તે હમણાં પોતાના ભાઈ મુરાદને કોઈ નવું દુઃખ નડ્યું છે કે નહીં તે જોવા આવ્યો હતો. એ વેશધારી વેપારીઓને જોઈ અજાએબ થયો પણ પ્યાલું ભાગેલું જોઇ તેના મુખમાંથી અરેરાટી નીકળી ગઈ. તે મોટા મનનો અને ભલો હોવાથી મુરાદને દીલાસો દેવા લાગ્યો અને કડકા ઉપાડી સંભાળથી જોવા લાગ્યો. એક પછી એક તપાસ્યા. પછી તે કડકાઓ ભેગા સાંધી મુક્યા. તેની કોરને જરાએ ઇજા નથી પહોંચી એવું જોઇને તેણે કહ્યું કે "હું એ પ્યાલાંને એવું બનાવી મુકીશ કે તે પ્રથમ જેવુંજ નવું દેખાશે."

આ સાંભળી મુરાદનો જીવ ઠેકાણે આવ્યો અને પોતાના ભાઇને કહ્યું "ભાઈ તું ભાગ્યશાળી સલાદીન છે, એમ જોઇને હું દુર્ભાગી મુરાદ છું તે માટે મારા જીવને દીલાસો આપું છું." પછી આ વેશધારી વેપારીઓ તરફ જોઇને બોલ્યો "આ ભાગ્યશાળી માણસને આવે હજુ પાંચ

મીનીટ નથી થઈ છતાં પણ તેના આવવાથી આનંદ છવાઈ રહ્યો છે. તેના આવવાથી આપણા અંતઃકરણમાંથી આનંદ સ્ફુર્ણાયમાન થાય છે. તમારો ચેહેરો મારી શોકાતુર તવારીખથી દિલગીરી ભરેલો જણાતો હતો તે હવે એના આવવાથી પ્રકાશમાન જણાય છે. ભાઈ મને ઉમેદ છે કે તું આ ગ્રહસ્થોને મારી તવારીખ જે દુખની નોંધપોથી છે તે સાંભળવામાં પોતાનાં અમુલ્ય વખતનો ભોગ આપવો પડયો છે તેનો બદલો તારી તવારીખ જેમને ખાત્રી છે કે તેઓને આનંદ આપશે તે કહી સંભળાવી વાળી આપીશ."

જો એ વેપારી તેની સાથે ઘેર પધારી ભોજન લે તો આ વાત સલાદીને કબુલ રાખવા હા કહી. તેઓએ પ્રથમતો અગાઉની માફક પોતાને જલદીથી ધર્મશાળામાં જવું છે એવું બહાનું બતાવ્યું પણ આખરે સુલતાનને એ તવારીખ સાંભળવાની આતુરતા થઈ તેથી એ અને તેનો વજીર ભાગ્યશાળી સલાદીનને ઘેર ગયા. સલાદીને ખાણું ખાધા પછી પોતાની તવારીખ નીચે પ્રમાણે કહી સંભળાવી.

"મારૂં નામ ભાગ્યશાળી સલાદીન છે. આ નામથી મને મારા પીતાના ઉપરજ ભરોંસો રાખવાની લાગણી થઈ. હું કબુલ કરૂં છું કે મારા બચપણમાં મારાં સારા ભાગ્યનો કોઈ પણ વિચિત્ર દાખલો બન્યો હોય એવું મને યાદ નથી. મારી માની બુઢી આયા મને દીવસમાં વીસ વખત કહેતી કે તું જે કામ માથે લઈશ તે કામ તને ફળીભૂત થયા વગર રહેશે નહીં કારણકે તારો સિતારો બુલંદ છે. આથી હું ઉદ્ધત થઈ ગયો. મારી પંદર વર્ષની ઉમરમાં મારી યુવાનીના તોરે અને મુર્ખાઈના કારણથી હું અંધારા કેદખાનામાં પડયો છઊં એ બહુ ખોટું એવું જો મારા દિલમાં ન આવ્યું હોત તો મારી આયાની ભવિષ્યવાણી ખોટી પડત.

"એ વખતે પોરટીમાં એક હુશિઆર ઈજીનીઅર હતો. તે ફ્રેંચ હતો અને સુલતાને તેને રાખ્યો હતો. આપણા વેહેમી લોકોને આ નિમણુંક પસંદ નહોતી. મહાન સીનોરની વર્ષગાંઠને દીવસે તેણે ઘણી સુંદર આતશબાજી ફોડી હતી. કોનસ્ટાંન્ટીનોપલના વતનીઓની સાથે હું પણ એ આતશબાજી જોવા ગયો હતો. જ્યાં એ ઈજીનીઅર ઉભો હતો ત્યાં હું પણ ઉભો. લોકો તેના ઉપર ધસી આવતા હતા તેથી તેણે કહ્યું કે મારા નજદીક

આવવું બંધ કરો અને દુર ખસો, કારણકે જો દારૂ સળગ્યો તો, તમે બળી મરશો. મારૂં નસીબ સારૂં છે એમ ધારી મે તેની સુચનાને ગણકારી નહીં પરિણામ એ થયું કે હું આતશબાજીની કેટલીએક ચીજોને અડક્યો. તેથી અચિંતવ્યો ધડાકો થયો અને હું દુર ઉડીપડ્યો.

"મને ઇજા ઘણી થઇ. ગ્રહસ્થો! આ બનાવથી મારૂં ભાગ્ય સારૂં થયું છે. કારણકે મારો ઉદ્ધત સ્વભાવ સુધર્યો. જેટલા દીવસ હું બિમાર રહ્યો તેટલા દીવસ સુધી હમેશાં એ ફ્રેંચ ગ્રહસ્થ મને બોલાવવા આવતો. તે ઘણી લાગણીવાળો માણસ હતો. તેની વાતચીતથી મારા વિચાર સુધરવા લાગ્યા અને મેં મુર્ખાઈ ભરેલા વેહેમો મુકી દીધા. મનુષ્ય યત્નમાં સારાં માઠાં ભાગ્યની કંઈ સત્તા નથી એ વિચારે મને ઘણું શીખવ્યું. તેણે કહ્યું, 'તું ભાગ્યશાળી સલાદીન કહેવાએ છે, તોપણ તું તારી યુવાનીમાં મુર્ખાઇને લીધે મરણ લગભગ પોંહોચ્યો છે. મારી સલાહ માન અને હવે પછી નસીબ કરતાં ડાહાપણપર વધારે વિશ્વાસ રાખ. ભલે લોકો તને સલાદીન ભાગ્યશાળી કહે પણ તું પોતે સલાદીન ડાહ્યો કહેવરાવ અને તેવો થવા યત્ન કર.

"આ શબ્દોથી મારા મનપર કોઈ દીવસ ન ભુંસાએ એવી ગંભીર અસર થઈ. મારા વિચારો ફરીગયા અને વર્તને નવો રસ્તો પકડ્યો. મારા ભાઈ મુરાદે બેશક કહ્યું હશે કે અમો પરસ્પર મનુષ્ય પ્રયત્ન ઉપર નસીબની સત્તા છે એ વિષય ચર્ચતા, અને મતભેદ થતો. હું મનુષ્ય પ્રયત્ન ઉપર નસીબની સત્તા નથી એ મતનો હતો અને મારો ભાઈ મુરાદ તેથી વિરૂદ્ધ હતો. અમારા જુદા જુદા મતને લીધે દુનીયાંમાં અમારી હીલચાલ પણ જુદી થઇ છે. મને ફતેહનું જશું મળ્યું છે અને એના કરમમાં દુઃખજ મળ્યું છે.

"મારો પેહેલો ચળકતો સિતારો કિરમજી રંગને લીધે બુલંદ થયો એતો તમોએ મુરાદ પાસેથી સાંભળ્યું હશે. એ રંગ સરસ બનાવવામાં મને ઘણી આપદા પડી હતી. ભુકી મને અમારા ચિનાઈ પ્યાલામાંથી મળી આવી હતી એ ખરૂં, પણ તેને ઉપયોગી કરવા માટે મેં આટલું દુઃખ ન વેઠ્યું હોતતો આ ઘડી સુધી તે વગર ઉપયોગની પડી હોત. હું કબુલ કરૂં છું કે આપણે ભવિષ્ય જાણી નથી શકતા; તોપણ હું ધારૂંછું કે આપણી શક્તિઓ વાપરવાનાં ડહાપણમાંજ આપણું સારૂં માઠું ભાગ્ય રહેલું છે; પણ ગ્રહસ્થો, મારા વિચારો કરતાં મારા કામોની તવારીખ સાંભળવી

મને લાગે છે કે વધારે માફક આવશે. મારી તવારીખમાં કોઈ અજાયબી જેવો બનાવ નથી; પણ દિલગીર છું કે હું એક રેતીના મેદાનમાં ગુમ થઈ ગયો હતો. તે સંબંધી હું તમને કહી શકતો નથી. મને કોઈ ચેપીરોગ પણ લાગ્યો નથી, તેમ સમુદ્રમાં મારૂં કોઈ વહાણ પણ ભાગ્યું નથી. હું કોન-સ્ટાન્ટીનોપલની ભાગોળ બહાર કોઇ દીવસ ગયો નથી. અને મેં મારો વખત ઘણોજ શાંતિથી ગાળ્યો છે.

"સુલતાનની માનીતી રાણી પાસે ચીનાઇ પ્યાલું વેચી જે પૈસા મને મળ્યા તે પૈસાથી મોટા પાયા ઉપર વેપાર કરવા હું શકિતમાન થયો. મેં મારો ધંધો એકનિષ્ટાથી ચલાવ્યો અને મારા ઘરાકોને સુંદર અને પ્રતિષ્ઠિત સાધનોથી કેવી રીતે ખુશી રાખવા એજ મારો હંમેશનો અભ્યાસ થયો. આ ઉદ્યોગ અને સભ્યતાથી હું સ્વપ્ને ખ્યાલ ન આવે એવો ફતેહ પામ્યો. થોડા વર્ષમાં હું તવંગર થઇ પડયો.

" મારા વેપારની જીંદગીમાં મેં જે મુસાફરીઓ કરીછે તે કહી બતાવી હું કંટાળો આપવા ઇચ્છતો નથી; પણ જે બનાવથી મારા કામમાં અસાધારણ ફેરફાર થઈ ગયો તે બનાવથી શરૂઆત કરૂં છું.

"મહાન સિનોરના મહેલોની દિવાલ પાસે ભયંકર આગ લાગી. તમે તો પરદેશી છો અને તમે આ વાત સાંભળી પણ નહીં હોય તોપણ કોન-સ્ટાન્ટીનોપલમાં તો ભારે દિલગીરી ફેલાઈ હતી.

"વજીરનો ભવ્ય મહેલ તદ્દન ખવાઈ ગયો હતો અને તેમાંનું સીસુ સેંટ સોફાયાની મસજીદના છાપરાં ઉપરથી થઇને નીચે પડતું હતું. આગ લાગવાનાં જુદાં જુદાં કારણો મારા પડોશીઓ બતાવતા હતા. કેટલાકનું માનવું એમ હતું કે, શુક્રવારને દિવસે સુલતાન સેંટ સોફાયાની મસજીદમાં જવાનું વીસરી ગયા હતા તેની એ સજા છે. બીજાઓ પોરટીની સાથે લડાઇમાં ન ઉતરવા માટે મહમદ પેગંબર ચેતવણી આપે છે એમ ધારતા હતા અને સામાન્ય પ્રજાએ એ મહેલ બળીજવા દેવાની મહમદ પેગંબરની ઇચ્છા છે એમ બોલી સંતોષ વાળ્યો હતો. આવાં અનુમાનથી સંતોષ માનીને પોતાનાં ઘરોને આગમાંથી બચાવાવા માટે જરાએ અગમચેતી વાપરી નહીં. આ વખતના જેટલી આગ પહેલાં કોઈ દિવસ લાગી નહોતી. આગની બૂમથી અમે જાગી ન ઉઠીએ, એવી કોઈ રાત્ર ખાલી ગઈ નહોતી.

"આવી રીતે વારંવાર આગ લાગવાથી નીચ લોકોને ઘણો ફાયદો થયો. તેઓ ગભરાટ વધારવા લાગ્યા અને જે માણસનું ઘર બળતું તે ઘર લૂંટતા. એવું માલમ પડ્યું કે આ ઘર બાળનારાઓ એક મોટી વખાર જેમાં ધનાઢ્ય વ્યાપારીઓ પોતાનો માલ ભરી રાખતા તેની પડોશમાં દર સાંજરે ભરાઈ બેસતા. આ હરામખોરોમાંના કેટલાકને બારીમાં સળગતી દીવાસળી ફેંકતાં પકડવામાં આવ્યા. આ દીવાસળી જો સળગતી થોડો વખત રહે તો ઘરમાં આગ લાગ્યા વિના રહે નહીં.

"આવા બનાવો બનતા હતા છતાં જે લોકો જાગીરદાર હતા તે લોકો એમજ કહેતા કે, મહમદની એમ ખુશી છે તો આપણે કેટલું સંભાળીશું. હું પેલા બુદ્ધિશાળી પરદેશી પાસેથી જે ધડો શીખ્યો હતો તેને આધારે દુર્ભાગ્યની વેહેમી બીકથી મુંન્ઝાઈ ગયો નહીં. તેમ મારાં સારાં ભાગ્ય ઉપર પણ મેં ભરોંસો રાખ્યો નહીં. બચાવ માટે જેટલાં સાધનો લેવાં પડે તેટલાં લીધાં. આખા ઘરમાં દેવતા ઓલાઈ ગયો છે કે નહીં અને ટાંકીમાં પાણીનો જથ્થો પુરતો છે કે નહીં, તે તપાસ્યા વગર હું કોઈ દિવસ સૂવા જતો નહીં. મને મારા ફ્રેન્ચ ગ્રહસ્થે શીખવ્યું હતું કે, ભીનો રેતી ચુનાનો ગારો આગ અટકાવવામાં ઘણો કામ લાગે છે. મેં તેટલા માટે રેતી ચુનાનો ગારો મારા ઘરના ડેલામાં ભરી રાખ્યો કે જેથી એક પળની ચેતવણી ઉપરથી હું તેનો ઉપયોગ કરી શકું. આ અગમચેતી મને ઘણી ઉપયોગી હતી. મારા ઘરને ખરેખર કોઇ દિવસ આગ લાગી નહોતી. પણ મારા નજદીકના પડોશીના ઘરમાં એજ ઉનાળાની રૂતુમાં લગભગ પાંચ વખત આગ લાગી હતી. મારી મહેનતથી અથવા તો મારી અગમચેતીથી તેઓને કંઇ નુકસાન થયું નહીં. તેથી તેઓ મને પોતાના બચાવનાર અને મિત્ર તરીકે ગણતા હતા. તેઓએ મને ભેટો આપી. સઘળા એમ કહેતા કે હું સલાદીન ભાગ્યશાળીછું. આ વખાણોપર મેં ધ્યાન આપ્યું નહીં. કારણકે હું સલાદીન ડાહ્યો કહેવરાવવાનો લોભી બન્યો હતો. આ પ્રમાણે જેને આપણે વિનય કહીએ છીએ તે ઘણી વખત મગરૂરીની વધારે સુધરેલી જાત થઇ પડેછે; પણ આપણી વાત આગળ ચલાવીએ.

" એક રાત્રે હું મારા મિત્રને ઘેર જમવા ગયો હતો. ત્યાંથી મોડે ઘેર આવતો હતો. શેરીમાં પહેરેગીર શિવાય બીજું કોઇ નહોતું. એ પહેરો-

ગીરો પણ મને લાગેછેકે ઊંઘતા હતા.

"હું ચાલ્યો જતો હતો તેવામાં એક નીક જે આખાં ગામને પાણી પુરૂં પાડતી હતી તેમાંથી પાણીના ટપકવાનો અવાજ મેં સાંભળ્યો. તપાસ કરતાં માલુમ પડ્યું કે એ નીકના નળની કુંચી અર્ધી ઉઘડી ગઇ હતી અને તેમાંથી પાણી વહ્યું જતું હતું. હું ઘણે દુર ચાલ્યો નહિ એટલામાં વળી બીજો નળ આવ્યો, તે પણ એજ સ્થિતિમાં હતો. મને ખાત્રી થઇ કે આંકસ્મિત બનાવથી બધા નળો ખુલ્લા થઈ શકે નહીં. તેથી રાતમાં ક્યાંઇ આગ લાગે-તો તે હોલવવા માટે પાણી ન મળી શકે તેટલા માટે કોઇ બદમાસે જાણી જોઇને આ કૃત્ય કર્યું હશે, એવો મને વહેમ આવ્યો.

"હવે મારે કેમ કરવું તેનો વિચાર કરવા હું થોડીક મિનિટ સુધી શાંત ઉભો રહ્યો. આખા શેહેરમાં દોડીને દરેક નળ બંધ કરી આવવાનું કામ મારાથી બને એમ નહોતું તેથી પહેલાં મેં પહેરેગીર અને આગ બુ-જાવનાર માણસો જેઓ પોતાના સ્ટેશનમાં ઊંઘતાં હતાં તેને જગાડવાનો વિચાર કર્યો; પણ વળી મને વિચાર આવ્યો કે એ લોકોપર વિશ્વાસ રા-ખવો ઠીક નથી; કારણકે તેઓ કદાચ આગ સળગાવનારાઓની સાથે સં-તલસમાં સામેલ હોય. જો તેમ ન હોયતો પોતાની નજદીકમાં નળ વહ્યા જતા હતા તેનેજ બંધ કરે. તેથી "દામનઝાદે"નામના એક મોટા શાહુકારને ઉઠાડવાનો મેં નિશ્ચય કર્યો. તે મારી પડોશમાં રહેતો હતો. તેના ગુલામો ઘણા હતા. તેથી તે શેહેરના દરેક ભાગમાં પોતાના ગુલામો મોકલી નળો બંધ કરી આવે અને દરેક શેહેરીઓને ભયની સૂચના આપી આવે એમ હતું.

"તે ઘણો બુદ્ધિશાળી,ચાલાક અને સહેલાઇથી જાગી ઉઠે એવો માણસ હતો. તે બીજા તુર્કીઓની માફક પોતાની મુડદાલ સ્થિતિમાંથી શુદ્ધિ લાવતાં એક કલાક લાગે એવો સુસ્ત નહોતો. તે ઠરાવમાં અને કૃત્યમાં ઝડપવાળો હતો. તેનાગુલામો પણ તેના શેઠ જેવાજ હતા. તેણે એકદમ એક જાસુસ વજીરને મોકલ્યો. જેથી સુલતાન સલામત બચે અને બીજા જાસુસો કોનસ્ટાનટીનો-પલના દરેક ભાગના માજીસ્ટ્રેટો પાસે મોકલ્યા. આગાના ટાવર ઉપરથી લોકોને જગાડવા માટે મોટા ઢોલ વગડાવ્યા અને આ ઢોલ વાગતે અર્ધા કલાક નહોતો થયો તેવામાં દામનઝાદેના ઘરના નીચલા ઓરડામાં દરવાજા-ની પછવાડે સળગતી દીવાસળી પડવાથી આગ લાગી.

જે બદમાસોએ આ કામ કર્યું હતું, તેઓ ઘર લુટવા આવ્યા; પણ તેઓનું કંઇ વળ્યું નહીં પણ ઉલટા પકડાઇ ગયા. પોતાની ધારણા લોકોના જાણવામાં કેમ આવી ગઇ તે તેઓ કળી શકયા નહીં. વખતસર મદદ આવી પહોંચવાથી મારા મિત્રના ઘરની આગ બુઝાઈ ગઇ અને જો કે શેહેરના ઘણા ભાગોમાં એજ રાત્રે ઘણી આગ લાગી હતી, તો પણ કંઇ નુકસાન થયું નહોતું, કારણ કે સાવચેતી ઘણી રાખવામાં આવી હતી અને નળો બંધ થવાથી પુરતું પાણી મળી શકયું હતું; લોકોને જગાડવામાં આવ્યા હતા અને ભયની ચેતવણી આપવામાં આવી હતી; તેથી તેઓને પણ જરાએ ઇજા થઇ નહોતી.

"વળતે દિવસે જ્યારે હું પેલી વખારમાં ગયો ત્યારે સઘળા બ્યાપારીઓ મને વીંટી વળ્યા. અને તેઓની જીંદગી અને પૈસાના બચાવનાર તરીકે મને માન આપવા લાગ્યા. દામનઝાદે મને સોનાના શિક્કાઓની એક વજનદાર કોથળી બક્ષીસ આપી અને એક બેમુલી હીરાની વીંટી મારી આંગળીમાં પહેરાવી. દરેક વેપારીએ મને કિંમતો બક્ષીસો આપવામાં દામનઝાદેનું અનુકરણ કર્યું. માજીસ્ટ્રેટે પણ કેટલીક માનની નિશાનીઓ મોકલાવી અને મહાન વજીરે "જે માણસે કોનસ્ટાનટીનોપલ બચાવ્યું તે માણસને એમ પોતાના હાથથી એક લીટી લખી ઉમદા પાણીનો બેમુલો હીરો મને ભેટ દાખલ મોકલાવ્યો.

"હે ગ્રહસ્થો! આ બનાવો કહી બતાવી જે મિથ્યાભિમાન હું દાખવું છું તેને માટે ક્ષમા કરશો. તમોએ મારી તવારીખ સાંભળવાની ઇચ્છા ધરાવી તેથી મારી જીંદગીના મુખ્ય બનાવો મારે ભુલી જવા ન જોઇએ. ચોવીસ કલાકના દરમ્યાન આ શેહેરની વસ્તીઓના ઉદાર ઉપકારથી મારી સ્થીતિ એટલી બધી ચડીઆતી થઇ કે, તે એવી ચડીઆતી થશે, એવો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

"મેં મારી સ્થિતિને છાજતું ઘર ખરીદયું અને થોડા ગુલામો વેચાતા લીધા. હું મારા ગુલામોને ઘેર લઇ આવતો હતો તેવામાં મને એક યાહુદી મળ્યો અને તેણે મને અટકાવીને પોતની ભાષામાં કહ્યું કે, મને લાગેછે કે તમે ગુલામો ખરીદ કરોછો તેઓને વાસ્તે કપડાં હું સસ્તી કિંમતે પુરાં પાડીશ. આ યાહુદીની વર્તણુંકમાં કંઇ ભેદ હતો. મને તેનો ચહેરો પણ ગમ્યો

નહીં. મે વિચાર્યુંકે મારે મારા ધંધામાં કેવળ લોસ ઉપર દોરાવું ન જોઈએ અને જો આ માણસ બીજાના કરતાં વધારે સસ્તાં કપડાં પુરાં પાડતો હોય તો તેની દાઢી, તેની આંખ અને તેનો અવાજ મને અળખામણો લાગેછે તે છતાં આવી તક શા વાસ્તે હાથથી જતી કરવી જોઇએ. તે ઉપરથી હું એ યાહુદીને મારે ઘેર લઈ ગયો.

"જ્યારે અમે સોદો નકી કરવાની વાત કરવા લાગ્યા, ત્યારે તેની આવી સામાન્ય માગણી જોઈ મને અજાયબી થયા વગર રહી નહીં. એક બાબત તેણે કબુલ કરી નહીં. મેં આ કપડાં જોવા માગ્યાં, એટલુંજ નહીં. પણ તેને કેવી રીતે મળ્યાં તે પણ ભેગા ભેગું જાણવા માગ્યું. આ બાબત તેણે કબુલ કરી નહીં તે ઉપરથી મને વહેમ ગયો. એ માલ કાંતો તેણે ચોરેલો હોય અથવા તો કોઈ ચેપી રોગનો ભોગ થઈ પડેલાં માણુસનો હોવો જોઇએ, એવો મને વિચાર આવ્યો. યાહુદીએ પેટી બતાવી અને કહ્યું કે, આમાંથી જે કપડાં તમોને પસંદ આવે તે ઉપાડી લ્યો. તેણે જ્યારે પેટી ઉઘાડી ત્યારે તેણે પોતાનાં નાક આડો કોઈ સુગંધી પદાર્થ ધરી રાખ્યો તે મારા જોવામાં આવ્યું. તેણે મને કહ્યું કે, આ પેટીમાં કસ્તુરી રાખી હતી તેની સુગંધ મને માફક નથી આવતી તેથી મારે નાક આડો સુગંધી પદાર્થ રાખવો પડેછે. કારણ કે કસ્તુરી મારા મગજ ઉપર વિચિત્ર અસર કરેછે." મેં કહ્યું કે મને પણ એ સુગંધી પદાર્થ આપ. કેમ કે કસ્તુરી મને પણ માફક આવતી નથી.

"યાહુદીએ કાંતો તેના અંતઃકરણે ડંખવાથી અથવા તો મને વહેમ આવ્યો એવું જોઈ મરણ વખતે માણસ જેવું ફિકકું પડી જાય તેવો ફિકકો તે પડી ગયો. તેણે કાંઇ નજીવું બહાનું બતાવ્યું, અને જતો રહ્યો અને ફરીથી દેખાયો નહીં. અમને ખબર મળી કે એતો ઇજીપ્ત તરફથી નીકળી ગયો ત્યારે અમો ઘણા ખુશી થયા.

"મારા પાસેથી તે જતો રહ્યો તે પછી મેં પેટીનાં ઢાંકણાં ઉપર અરધા ભુંસાઈ ગએલા થોડાક અક્ષરો તપાસ્યા. "સ્મિર્ના" શબ્દ વાંચી મારો વહેમ દ્રઢ થયો. યાહુદી પોતે તો આવ્યો નહીં. પણ પેટી ઉપાડી જવા માટે કેટલાક મજુરો મોકલાવ્યા. ઘણા વખત સુધી એ યાહુદીનું શું થયું. તેની મને ખબર પડી નહીં; પણ એક દીવસ હું જ્યારે દામનઝોદના ઘરમાં બેઠો

હતો ત્યારે તે તેના કમ્પાઉન્ડમાંથી બહાર જતો હતો અને મને જોઇને ઉતાવળે ચાલ્યો ગયો. મેં દામનઝાદને કહ્યું, 'મારા મિત્ર મારો સવાલ અવિનયી આતુરતામાં ગણી કાઢશો નહીં. અથવા તો જે યાહુદી હમણાંજ તમારા કમ્પાઉન્ડમાંથી ચાલ્યો ગયો તે યાહુદીની સાથે તમે કેવા પ્રકારનું કામ પાડ્યું છે. તે પુછવાની જો હું હિમત કરૂં તો તમારા કામોને વચ્ચે આવવાનું ખોટું આળ ચડાવશો નહીં.'

"મારા મિત્રે જવાબ આપ્યો કે, તેણે મારા ગુલામોને બીજી જગોએથી મળે તેના કરતાં સસ્તી કિંમતે કપડાં પૂરાં પાડવાનું મને વચન આપ્યું છે. મારે મારી પુત્રી ફતીમાની વર્ષગાંઠને દિવસે બગીચાલમાં એક શમીઆનો ખડો કરી તેની બાંદડીઓને નવા પોશાકો પહેરાવી રાજી કરવા ઇરાદો છે.'

"મેં મારા મિત્રને બોલતો અટકાવ્યો અને કહ્યું કે આ યાહુદી અને તેના કપડાં સંબંધી મને વેહેમ આવે છે. કપડાં વાપરવાથી મરકી ફેલાવાનો શક છે. આ કપડાં ચેપી છે. તેથી વાપરવા પછી મહીના કે વર્ષો વીત્યા બાદ મરકી ફેલાયા વગર રહે નહીં.'

"મારા મિત્રે માત્ર થોડા પૈસાની ખાતર આ હરામખોર હજારો માણસોની જીંદગી આવી રીતે જોખમમાં નાંખવા તૈયાર થયો હતો તેથી તેણે એનાથી સાટું તોડી નાંખવા ઠરાવ કર્યો. અમોએ આ બાબત કાજીને પણ જણાવી. પણ કાજી ઘણો સુસ્ત હતો. તેણે યાહુદીને પકડવાની તજવીજ કરી તે પહેલાં એ લુચ્ચો ક્યારનો એ નાશી ગયો હતો. જ્યારે તેના ઘરની ઝડતી લેવાઈ ત્યારે તેમાં કંઈ હતું નહીં.

"મારા મિત્ર દામનઝાદેએ મારો ઘણો ઉપકાર માન્યો અને કહ્યું, 'પ્રથમ તમે મારી દોલત બચાવી અને હમણાં મારી પોતાની જીંદગી બચાવી અને તેથી વધારે મારી પુત્રી ફતીમાની જીંદગી બચાવી.'

"ફતીમાનું નામ સાંભળી મને લાગણી થઈ આવી. આ સ્ત્રીને મેં જેવી તેવી જોઈ હતી અને તેણીના સંપથી અને ચેહેરાની મધુરતાથી હું ઘેલો બની ગયો હતો; પણ મને તો ખબર હતી કે, તેણી કોઇ બીજા માણુસની સ્ત્રી થવાની છે. તેથી મારી લાગણી દાબી રાખી અને સુંદર ફતીમાનો વિચાર મારા મનમાંથી હંમેશને માટે કહાડી નાંખવાનો વિચાર કર્યો. તેણીના પિતાએ આ વખતે એક લાલચ બતાવી. જેમાંથી બચી છુટવા

જેટલી મારામાં હિમ્મત નહોતી. તેણે કહ્યું, 'સલાદીન! તમોએ અમારી જીંદગાની બચાવી છે તેથી એક દિવસ અમારે ત્યાં જમજો. મારી ફ્તીમાંની જન્મગાંઠને દિવસે આવજો. હું તમોને મારા ગોખમાં બેસારી દઇશ. જેથી તમે બગીચામાં આખો તમાસો જોઇ શકશો. હું તમને ખાત્રીથી કહુંછું કે ભપકો જોવા જેવો થશે, એટલુંજ નહીં પણ મારી પુત્રી ફ્તીમાને થોડા વખત સુધી બુરખા વગર જોવા ભાગ્યશાળી થશો.'

"મેં કહ્યું, 'એથીજ હું આવવા ઇચ્છતો નથી. જે મજાથી મારૂં આખી જીંદગીનું સુખ જતું રહે તે મજા ભોગવવા હું ઇચ્છતો નથી. તમો મારાપર ઘણો વિશ્વાસ રાખોછો તેથી તમારાથી કોઇ વાત હું છુપાવીશ નહીં. મેં ક્યારનોએ તમારી ફ્તીમાનો ચિત્ત ચોરટો દિદાર નિહાળ્યો છે; પણ મારાથી વધારે સુખી માણસની એ સ્ત્રી થવાની છે એવી મને ખબર છે.'

"મારૂં નિખાલસ અંતઃકરણ જોઈ દામનઝાદે ઘણો ખુશી થયો. એ મહોત્સવને દિવસે મારે તેની સાથે જરૂખામાં બેસવાનો તેણે ઘણો આગ્રહ કર્યો. પણ હું સૌંદર્યવાન ફ્તીમાને જોવા ખુશી નહોતો. મારા મિત્રે તેનાથી જેટલું બન્યું તેટલું મને સમજાવવાનું કર્યું. તે મને હસાવવા મંડ્યો. પણ જ્યારે તેનું કંઇ વળ્યું નહીં ત્યારે તે ગુસ્સે થઇ ગયો અને કહ્યું કે, 'સલાદીન અહીંથી જતા રહો. તમે મને ઠગવાનો યત્ન કરોછો. તમે કોઇ બીજી સ્ત્રી ઉપર આશક પડ્યાછો અને મારાથી તે વાત છુપાવો છો. મારી માગણી ન સ્વિકારવામાં તમારૂં ડાહપણ સમાયલું નથી; પણ તેમાં તમારી હઠીલાઈ જણાયછે. જેવી રીતે મિત્રો પરસ્પર નિખાલસ અંતઃકરણથી વાત કરેછે તેવી રીતે તમે મારાથી વાત કેમ નથી કરતા?'

"આવા નધારેલા ફેરફારથી વિસ્મય પામીને અને દામનઝાદેની આંખમાં ક્રોધના તણખા નિહાળીને હું ગુસ્સે થઈ ગયો અને તેના પાસેથી જતા રહેવા ઇચ્છયું; પણ મિત્રો વખત એકવાર ગયો તો ફરીથી હાથ આવતો નથી. આ વિચારે મારા સ્વભાવ ઉપર સંપુર્ણ સત્તા મેળવી હતી. તેથી મેં જવાબ આપ્યો કે, 'હે મિત્ર! આ બાબત ઉપર આપણે કાલે વાત કરીશું. તમો હમણાં ક્રોધાયમાન છો. તેથી મને પુરતો ઇનસાફ આપશો નહીં. પણ આવતી કાલે તમો શાંત થઇ ગયા હશો ત્યારે તમોને ખાત્રી

થશે કે, હું તમને ઠગતો નથી. મારે મારા સુખનું રક્ષણ કરવું એ શિવાય મારી બીજી કોઈ ઇચ્છા નથી. ભયંકર ફતીમાનું મુખારવિંદ ન જોઉં એજ ડાહપણ ભરેલું પગલું છે. હું બીજી કોઈ સ્ત્રી ઉપર આશક નથી.

"તેણે મને છાતી સરસો દાબીને અને મારો કેવો દ્રઢ ઠરાવ છે તે જોવા માટે તેણે જે ક્રોધાયમાન ચહેરો ધારણ કર્યો હતો તે છોડી દઇને મને કહ્યું, 'ત્યારે સલ્લાદીન! ફતીમાં તમારી છે.'

"મારી શુદ્ધ ઠેકાણે છે કે નહીં તેની મને ખબર ન પડી. મારી ખુશીનો પાર રહ્યો નહીં. વળી મારે મિત્રે કહ્યું, 'હા મારા મિત્ર તમારામાં ડહાપણ કેટલું છે તેની મેં સારીપેઠે કસોટી કીધી છે, તમે ફતેહમંદ થયા છો. તેથી મારી ફતીમા હું તમને આપી દઉંછું. મને ખાત્રી છે કે, તમો તેને સુખી કરશો. ખરૂંછે કે હું તેણીનું લગ્ન મોટા માણસની સાથે કરવાનો હતો. મકસુદના પાદશાહે તેણી વાસ્તે માગું કહાવ્યું; પરંતુ ખાનગી તપાસ કરતાં મને માલુમ પડયું કે, તેને ઘણું અફીણ ખાવાની ટેવ છે અને હું મારી પુત્રીને જે માણસ અર્ધો દિવસ ઘેલો રહે છે અને બાકીનો અરધો દિવસ શોકાતૂર ગધ્ધો રહે છે તે માણસને પરણાવું નહીં. બાદ શાહના ગુસ્સાથી મારે જરાએ બીહીવાનું નથી. કારણ કે મારા મિત્રો સબળ છે. તેમાં પણ મહાન વઝીર તેને ખરીવાત સાંભળવાની ફરજ પાડશે. નાસીપાસીને તે યોગ્ય રીતે લાયક છે. નિરાશા ધૈર્યતાથી સહન કરાવશે. ત્યારે હવે સલ્લાદીન એ વર્ષગાંઠની મજા ધામધુમમાં ભાગ લેવાને તમોને કંઈ હરકત છે?'

"મેં તેને પગે પડીને અને તેની ઘુટણીએ વળગી પડીને મારો ઉપકાર જણાવ્યો. વર્ષગાંઠનો દિવસ આવ્યો. અને તેજ દિવસે હું મનહરિણી ફતીમાને પરણ્યો. મને પરણે ઘણો વખત થયો તોપણ હું તેણીને મનહરિણી જાણુંછું. તેણી મારા અંતઃકરણની મગરૂબી અને ખુશાલી રૂપ છે અને અમારા પરસ્પરના પ્યારને લીધે મને જે સુખ મળ્યું છે તે સુખ મને પહેલાં મળ્યું નહોતું. તેના પિતાએ જે ઘરમાં હું હમણાં રહુંછું તે ઘર મને આપ્યુંછે અને તેની પોતાની મિલકત પણ મને આપી દીધી છે. તેથી હું ઇચ્છું તે કરતાં વધારે સ્મૃદ્ધિવાન થયોછું. મારી દૌલતથી ગરીબ માણસોની તંગીઓ દૂર કરવાનું મોટું સાધન મળ્યું છે. તેથી તેને ધિક્કારવાનો હું ખોટો ડોળ કરતો નથી. હું મારા ભાઈ મુરાદને પણ એ દોલતમાં ભાગ લેવાને અને

તેનાં દુ:ખો ભુલી જવાને ઘણું સમજાવુંછું. જ્યારે એ સમજશે ત્યારે હું સંપુર્ણું સુખી થઇશ. પછી તેણે મુરાદને કહ્યું, 'મારા પ્રિયભાઈ, સુલતાનાની આરસી અને તારાં ભાંગેલાં પ્યાલાં માટે આપણે કોઈ ઉપાય કરીશું."

"સુલતાનની આરસી અને ભાગેલા પ્યાલા માટે તમે જરા પણ વિચાર કરો નહીં, "સુલતાને પોતાનો વેપારીનો પોશાક ફેંકી દઇને અને પાદશાહી ઝભ્ભો ધારણ કરીને કહ્યું. "સલાદીન હું તમારે મહોડેથીજ તમારૂ જન્મ વૃત્તાંત સાંભળી ખુશી થયોછું,,.

પછી વઝીર તરફ ફરીને કહ્યું "વઝીર મારી તકરાર ખોટી હતી એ હું કબુલ કરૂંછુ કે, હું કબુલ કરૂંછું કે, સલાદીન ભાગ્યશાળીની તવારીખ અને હીનભાગી મુરાદની તવારીખથી મનુષ્યકૃતી ઉપર નસીબ કરતાં ડહાપણની સત્તા વધારેછે. એ વાત મારા મનને ટેકો આપેછે. સલાદીનને ફતેહ અને સુખ ડહાપણથી મળ્યાંછે. એજ ડહાપણથી તેણે કોનસ્ટાનટીનોપલનો આગ અને મરકીથી બચાવ કર્યોછે. જો મુરાદમાં તેના ભાઇના જેટલું ડહાપણ હોત તો તે જે રોટલીઓ તેણે પોતે પકાવી નહોતી, તે રોટલીઓ વેચવાના ગુન્હા માટે તેને શિર કપાવવાનો વખત ન આવ્યો હોત, વીંટી ખોળવા માટે તેને ખચ્ચરે લાત મારી નહોત, અને ફટકાની સજા ન થઈ હોત, તેને સિપાઇઓની એક ટુકડીએ લૂંટયો ન હોત અને બીજીએ પિસ્તોલ પણ ન મારી હોત; તે રણમાં ભુલોએ ન પડત, અને યાહુદીથી ઠગાત પણ નહીં, વહાણમાં આગ ન સળગાવી હોત અને કેરોમાં મરકી ન ફેલાવી હોત, ચોરનો ખોટો વહેમ લાવી મારી સુલતાનાની આરસી ભાગી ન હોત, વળી ચીનાઈ પ્યાલા ઉપર લખેલી અમુક કવિતા ઉપરજ પોતાની જીંદગીનાં નશીબનો આધાર છે એમ માનત નહીં; તેમ છેલ્લે જો તેનામાં ડહાપણુ હોત તો તેણે એ કીમતી જાદુ ગરમ પાણીથી ધોતાં ભાગી ન નાખ્યું હોત. હવેથી મુરાદ હીનભાગીને બદલે મુરાદ મુરખો કહો. સલાદીન લાયક છે. તેથી તેને ડાહ્યા સલાદીન કહો."

આમ સુલતાન બોલ્યો. જેવી રીતે પાદશાહો પોતે જુઠાછે અને વઝીરની વાત-સાચીછે, એવું જ્યારે જાણેછે ત્યારે વઝીરોના માથાં કપાવ્યા વગર રહેતાં નથી; પણ આ સુલતાન બહુ ડાહ્યો હતો અને દુરાગ્રહી નહોતો. તવારીખ તો એમ કહેછે કે, સુલતાને સલાદીનને "પાશ્ચા"બનાવ્યો. અને તે-

ને એક મહાલનો સુબો બનાવવાનું કહ્યું; પણ ડાહ્યા સલાદીને કહ્યું કે, હું એટલા બધા માનને લાયક નથી. કેમકે હું વધારે સુખનો લોભીનથી. તેમ આ સ્થિતિમાં હું પુર્ણ સુખીછું. જ્યારે એમછે ત્યારે સ્થિતિમાં ફેરફાર કરવો એતો મુર્ખાઈ કહેવાય.

હીનભાગી મુરાદ ઉપર બીજી કેવી મુસીબતો પડી હશે તે લખેલું નથી. પણ એટલું જણાયછે કે, તે હમેશાં કારીખાનાંમાં પડયો રહેતો અને અફીણી સ્થિતિમાં મરણ પામ્યો.

સમાપ્ત.

વિજ્ઞપ્તિ.

એક અનુપમ નૌત્તમ નોવલ!!!

વિધવા લીરૂજ

આ નામનું અનુપમ રસિક પુસ્તક થોડા વખતમાં અમારા તરફથી બહાર પડશે. આ પુસ્તક કેટલું સરસ થશે એ અમે કહીશું તો "વરને કોણે વખાણ્યો, વરની માએ" એ કેહેવત પ્રમાણે થશે. તોપણ એટલું તો જણાવીએ છીએ કે આ પુસ્તક વાંચતાં ખાવાપીવાનું ભાન રહેશે નહીં અને પુરૂં વાંચ્યા વગર હાથમાંથી છોડવું ગમશે નહીં.

આ અતિ સુંદર પુસ્તક સર્વ રાજ્યદ્વારી માણસોને પ્રિય થઈ પડે એવું છે. માટે સર્વ સાહેબો અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપી પોતાનાં નામ ઠામ વગેરે પત્રદ્વારાએ લખી જણાવી કૃપા કરશે.

નૉટપેડ પત્ર લીધામાં આવશે નહીં.

આ પુસ્તકને અગાઉથી આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થો પાસેથી કિંમત માત્ર રૂપિયો ૧—૦—૦ લીધામાં આવશે. પોસ્ટેજ જૂદું—દસ પ્રત રાખનારને અથવા ખપાવનારને એક પ્રત મફત આપવામાં આવશે.

પાછળથી લેનાર પાસેથી રૂપિયો ૧—૮—૦ લીધામાં આવશે.

મુકામ ભુજ—કચ્છ નાગર ચકલો. } **માણેકલાલ વી. લક્ષ્મીદાસ ધોળકીયા.**

રાજા ટારકિવન.

એક રોમના બાદશાહનો જુલમી ઇતિહાસ!!!

કિંમત માત્ર ૦—૪—૦ પોસ્ટેજ જૂદું.

સત્વર નામ નોંધાવો અને ઉમંગથી નાનકડાં પુસ્તકને વધાવી લ્યો.

આ નામનું લઘુ પુસ્તક અમારા તરફથી થોડા વખતમાં બહાર પડશે.

મુકામ ભુજ—કચ્છ નાગર ચકલો. } **માણેકલાલ વી. લક્ષ્મીદાસ ધોળકીયા.**

લેવા જોઇએ તેનો ખરો કુળવધૂ તરીકેનો ચિતાર આ **"નવલગંગા"** એ દર્શાવી આપેલ છે.

આ ગ્રંથ સ્ત્રી કુટંબોમાં વાંચવા લાયક છતાં પુરૂષોને પણ પુસ્તક વાંચી પુરૂ કર્યા પછીજ સંતોષ વળેછે,

એવા વિષય લખાણ અને પ્રાસંગિક રસને પુષ્ટિ આપવા તેના પાકા પૂંઠા ઉપર એક હિંદુ કુળવધૂની રંગેલી છબી મુકવામાં આવનારછે. તે સંઘળા મ્હેનતખર્ચ પર લક્ષ ન દેતા તથા તેનું કદ રોયલ સોળપેજી આશરે પંદર ફૉરમનું થતા મારા ઉતાવ માટે ફક્ત કિંમત **રૂપીઆ એક** રાખીછે. દેશાવર વાળાને પોસ્ટેજ એક આનો વધારે